સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

વાર્ષિક લવાજમ
રૂા. ૧૨૫/-
એપ્રિલ, ૨૦૨૩



સર્વ જીવોના કલ્યાણદાતા પરબ્રહ્મ

## ભગવાન શ્રી સ્વામિનારાયણને ૨૪૨મા પ્રાકટ્ય દિને કોટિ વંદન













## મુંબઈમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું દિવ્ય સાંનિધ્ય

મુંબઈ ખાતે ૨૯ દિવસ સુધી બિરાજમાન રહીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સૌને આધ્યાત્મિક લાભ આપ્યો હતો. પ્રાતઃપૂજા અને સંધ્યા સભામાં ઊમટતા હજારો ભક્તો સ્વામીશ્રીની દિવ્ય છત્રછાયામાં નિત્ય યોજાતા વિવિધ કાર્યક્રમો અને સ્વામીશ્રીની અમૃતવાણીથી નવી નવી પ્રેરણાઓ પ્રાપ્ત કરીને ધન્ય થયા હતા. (૨) અહીંના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થાના એક વધુ શૈક્ષણિક પ્રકલ્પ – બી.એ.પી.એસ. પ્રમુખ એકૅડેમીનો દીપપ્રાગટ્ય કરીને શુભારંભ કર્યો હતો. (૩) શતાબ્દી મહોત્સવમાં સેવા કરનારા સ્વયંસેવકોને બિરદાવતાં સ્વામીશ્રીએ તેમના માટે સ્વહસ્તે શીરો તૈયાર કર્યો હતો. (૪) પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ગાંધીનગરમાં અક્ષરધામ પરિસરમાં સ્થાપિત આર્ષ સંશોધન કેન્દ્રના ઉપક્રમે સંચાલિત 'આર્ષ વ્યાખ્યાનમાળા'નું ૧૦૦મું વ્યાખ્યાન-સત્ર વિદ્વાન સંતો-મહાનુભાવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું. છેલ્લાં ૨૫ વર્ષોથી ચાલતી આ આર્ષ વ્યાખ્યાનમાળાના વિદ્વત્તા અને અનુભવસભર પ્રવચનો એક મહાન ઉપલબ્ધિ સમાન છે. તે અક્ષર અમૃતમ્ એપ દ્વારા માણી શકાય છે.



# સર્વ કલ્યાણના દાતા શ્રીહરિને કોટિ કોટિ વંદન

ગુજરાતમાં ગામોગામ વિચરીને આધ્યાત્મિક અને નૈતિક આંદોલન પ્રગટાવનારા ભગવાન શ્રી સ્વામિનારાયણ વિચરણ કરતાં કરતાં એક વખત ભુજ નગરમાં પધાર્યા હતા. અહીં સૌ ભક્તોને સુખ-આનંદની અનુભૂતિ કરાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણે એક દિવસ સંતોના આશ્રમમાં સભા યોજી હતી. અહીં પાટ પર બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણને ભુજના અગ્રણી હરિભક્ત અને રાજ્યના દીવાન એવા સુંદરજીભાઈએ પ્રશ્ન પૂછ્યો કે 'આપના આ મહાન સંતોને જોતાં એવું લાગે છે કે એમના જેવું કલ્યાણ અમારું નહીં થાય. કારણ કે સંતો નિવૃત્તિપરાયણ છે. અને અમે પ્રવૃત્તિપરાયણ છીએ, આથી અમારી ભક્તિમાં અનેક વિક્ષેપ આવે છે. માટે આપના સંતોની બરાબર અમારું કલ્યાણ કેવી રીતે થાય?'

તેમની આ વાત સાંભળીને મંદ મંદ હસતાં ભગવાન શ્રી સ્વામિનારાયણે કહ્યું: 'તમારું અને અમારા આ સંતોનું કલ્યાણ એક સરખું છે. કારણ કે આ ભુજ નગર ઉપર લશ્કર આવ્યું હોય ત્યારે સરકારના સિપાહીઓ સામે લડવા જાય. એવા સમયે શહેરમાં શાહુકારો હોય તે અન્ન-પાણીથી તેમનું પોષણ કરે છે. આથી તેના બળે કરીને એ સિપાહીઓ લડે છે. એમ આ સંતો ત્યાગી છે, તેમની તમે અન્ન-પાણી-વસ્ત્રે કરીને સેવા કરો છો, તથા પુસ્તક-પાનાદિકની તમે ખબર રાખો છો, તેથી તમારા બળે તેઓ નિરાંત થકા ભજન કરે છે. માટે તમારું અને સાધુનું એક સરખું કલ્યાણ થશે. તમે સંતની સેવા કરો છો અને સંતો સુખે ભજન-ભક્તિ કરે છે તેથી તેમના સંબંધે તમને પણ ભગવાનનો યોગ થાય છે.' શ્રીહરિની આ વાત સાંભળીને સૌને નિશ્ચય થયો કે શ્રીહરિના કલ્યાણમય યજ્ઞમાં જે કોઈ ભાગીદાર થાય છે એ સૌને કલ્યાણ પ્રાપ્ત થાય છે. એવા સર્વ કલ્યાણદાતા શ્રીહરિને તેમના પ્રાકટ્યોત્સવે કોટિ કોટિ વંદન...

## ક્રમિકા


૩. સંપાદકીય

૪. તીર્થધામ સારંગપુરમાં મહોરી ઊઠ્યું ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની ચિરંતન સ્મૃતિ કરાવતું દિવ્ય સ્મૃતિ મંદિર

૧૨. બી.એ.પી.એસ.નાં નૂતન સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...

૨૧. બી.એ.પી.એસ. સંસ્થાનું એક નૂતન પ્રકલ્પ - બી.એ.પી.એસ. પ્રમુખ ઍકેડેમી

૨૩. શ્રીરામ મંદિર પ્રતિષ્ઠાના ઉપક્રમે શતકોટિ હનુમાન ચાલીસાના પાઠનો દિલ્હી અક્ષરધામથી ભવ્ય શુભારંભ

૨૪. અક્ષરવાસ

૨૫. શૈક્ષણિક સંકુલોની જાહેરાત



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૫, અંક : ૪,**
**એપ્રિલ, ૨૦૨૩**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ

**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

### તીર્થધામ સારંગપુરમાં મહોરી ઊઠ્યું
### ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની ચિરંતન સ્મૃતિ કરાવતું

# દિવ્ય સ્મૃતિ મંદિર



નૈમિષારણ્ય ક્ષેત્ર સમું તીર્થધામ સારંગપુર એટલે પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુપરંપરાના દિવ્ય સ્પર્શથી પાવન થયેલું પરમ પવિત્ર તીર્થધામ. એમાં વળી, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો સારંગપુર સાથેનો સ્નેહસંબંધ કંઈક નિરાળો! આ તીર્થધામના કણે કણમાં તેઓની અસંખ્ય દિવ્ય સ્મૃતિઓ આજેય અનુભવાય છે. તેઓ આ તીર્થસ્થાનનો મહિમા ગાતાં હંમેશાં કહેતા: *'સદૈવ સારંગપુરસ્ય રમ્યે, સુમંદિરે અક્ષરધામતુલ્યે...'*

અક્ષરધામતુલ્ય સારંગપુરની આ પવિત્ર ભૂમિ પર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની દિવ્ય સ્મૃતિઓને ચિરંતન રાખતું પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર, આવનારી અનેક પેઢીઓ માટે ખુલ્લું મૂકીને મહંત સ્વામી મહારાજે જાણે શતાબ્દી મહોત્સવનું અંતિમ અર્ઘ્ય અર્પ્યું છે.

સ્મૃતિ મંદિરના મૂર્તિપ્રતિષ્ઠાના દિવ્ય અવસરનું સ્મરણ કરીને કૃતાર્થ થઈએ...

### ■ સ્મૃતિ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા યજ્ઞ:

તા. ૨૫-૧-૨૦૨૩ના રોજ 'પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા' નિમિત્તે 'ગુરુહરિ પૂજન મંડપમ્'માં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા અન્ય વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં યજ્ઞ યોજાયો હતો. યજ્ઞની શેષવિધિમાં જોડાઈને સ્વામીશ્રીએ વિધિ અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરના સ્મૃતિ-સ્થાનમાં પધરાવવામાં આવનાર, અસ્થિ-કળશનું પૂજન કર્યું હતું. વિધિના અંતિમ ચરણમાં સ્મૃતિ મંદિરમાં પ્રસ્થાપિત થનાર શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજની સંગેમરમરની મૂર્તિઓ તથા અહીં સ્થાપિત થનાર તમામ દેવોની આરતી સ્વામીશ્રી, સદ્‌ગુરુ સંતોએ ઉતારી હતી.

સ્મૃતિસ્થાનનો મહિમા કહેતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આ શાંતિનું ધામ છે. એટલે અહીં જે જે આવશે, બધી વિધિ કરશે એને શાંતિ થશે. કેમ કે પ્રમુખસ્વામી મહારાજનું નામ જ શાંતિલાલ હતું. એટલે અહીં બધી શાંતિ શાંતિ થશે. જે કોઈ આવશે એના બધા સંકલ્પો સિદ્ધ થશે, પૂરા થશે અને બધાને આનંદ આનંદ રહેશે.''

આશીર્વાદની પૂર્ણાહુતિ બાદ સ્વામીશ્રીએ સ્મૃતિ મંદિરમાં સ્થાપિત થનારી પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ તથા અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનાં ચરણારવિંદનું પૂજન કર્યું હતું. મંદિરના સ્મૃતિ-સ્થાનની ઉપર પધરાવવાનાં ગુલાબી રંગના ઓનિક્સ પથ્થરમાંથી નિર્મિત ચરણારવિંદ તથા સ્મૃતિ-સ્થાનના અગ્રભાગે આરસમાંથી નિર્મિત ચરણારવિંદનું પણ સ્વામીશ્રીએ પ્રેમપૂર્વક પૂજન કર્યું હતું.

### ■ મૂર્તિઓની શોભાયાત્રા:

સાયંકાળે પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ હતી. બી.એ.પી.એસ. વિદ્યામંદિર સ્થિત 'પ્રમુખસ્વામી મહારાજ મૂર્તિમંડપમ્'થી શોભાયાત્રા આરંભાઈ હતી. આ શોભાયાત્રામાં બી.એ.પી.એસ.ની ધજા ફરકાવતા યુવકો, હંસરથમાં વિરાજમાન અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ, મયૂરરથમાં વિરાજમાન ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિ, અન્ય રથમાં વિરાજમાન પૂજ્ય મહંત સ્વામી મહારાજની છબી, ગૉલ્ફકાર્ટમાં સદ્‌ગુરુ સંતો, સુશોભિત ટ્રૅક્ટરમાં વડીલ સંતો, ધૂન-કીર્તનનું ગાન કરતાં સંગીતજ્ઞ સંતો, પદયાત્રા કરતા સંતો-પાર્ષદો-સાધકો, નૃત્ય કરતા ભક્તો, ખાનદેશી ઢોલ વડે ધરતી ધ્રુજાવતા યુવકો, કાઠિયાવાડી રાસ લેતા હરિભક્તો, નૃત્ય કરતાં બી.એ.પી.એસ. વિદ્યામંદિરનાં બાળકો-કિશોરો, સાફાધારી હરિભક્તો, બી.એ.પી.એસ.ની ધજા ફરકાવતા હરિભક્તો, કીર્તનો ગુંજાવતું સંગીતવૃંદ અને મહિલાવૃંદે અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

આનંદ-ઉત્સાહનો ગુલાલ ઉડાડતી આ શોભાયાત્રા પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરે વિરામ પામી હતી.

તા. ૨૪-૧-૨૦૨૩ના રોજ સ્વામીશ્રીએ સ્મૃતિ મંદિરના ધજાદંડ અને કળશોનું વેદોક્ત પૂજન કરીને આરતી ઉતારી હતી.

### ■ મૂર્તિપ્રતિષ્ઠાનો અવસર:

તા. ૧૭-૧૨-૨૦૧૮ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે લાખો લોકોનાં શ્રદ્ધાસ્થાન સમા આ સ્મૃતિ મંદિરનો શિલાન્યાસ કર્યો ત્યારથી તેનું નિર્માણકાર્ય વેગપૂર્વક આરંભાઈ ગયું. સારંગપુરમાં દર્શનાર્થે આવનાર મુમુક્ષુઓ માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિસ્થાનની નજીકમાં 'પ્રમુખ દર્શન-પૂજન મંડપમ્' રચવામાં આવ્યો હતો. તા. ૧૬-૯-૨૦૨૧ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેનું પૂજન-ઉદ્‌ઘાટન કર્યું ત્યારથી દર્શનાર્થીઓ આ મંડપમ્‌માં દર્શનનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે રચેલા ત્રિમંજિલા બી.એ.પી.એસ. મંદિર અને શાસ્ત્રીજી મહારાજની સ્મૃતિ કરાવતા યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિરના બે ધ્રુવોના કાટખૂણે થતાં મિલનબિંદુ પર રચાયેલું પ્રમુખસ્વામી મહારાજનું આ સ્મૃતિ મંદિર સંતો-હરિભક્તોનાં હૈયે ભક્તિ જગાવતું પ્રેરણાધામ

બની રહ્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને સદ્‌ગુરુ સંતોના માર્ગદર્શન હેઠળ મકરાણા(રાજસ્થાન)ના સંગેમરમર પથ્થરમાંથી રચાયેલું આ કલામંડિત સ્મૃતિ મંદિર માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં સંતો-હરિભક્તોની પુરુષાર્થ-ભક્તિથી નિર્માણ પામ્યું. નવનિર્મિત સ્મૃતિ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાનો અવસર આવી પહોંચ્યો.

એ પાવનકારી દિન હતો - વસંતપંચમીનો, તા. ૨૬-૧-૨૦૨૩.

આજના શુભ અવસરનો લાભ લેવા માટે વહેલી સવારથી જ ઊમટેલા દેશ-વિદેશના હજારો હરિભક્તોથી સારંગપુરનું મંદિર-પરિસર ઊભરાતું હતું. સમગ્ર મંદિર પરિસર પુષ્પો અને પુષ્પસેરોથી શણગારવામાં આવ્યું હતું. મંદિરનાં પ્રેમપૂર્વક દર્શન કરી સ્વામીશ્રી પરિસરમાં ઉપસ્થિત સંતો-હરિભક્તોને દૃષ્ટિ દ્વારા આશીર્વાદ આપતાં શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિ મંદિરે પધાર્યા. અક્ષરપુરુષોત્તમ દર્શનના પ્રખર પ્રવર્તક ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજને તેઓના જન્મદિને ભાવવંદના સાથે સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. ત્યારપછી ગુરુપરંપરાનાં ભક્તિભાવથી દર્શન કર્યાં.

વહેલી સવારથી જ પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરના પોડિયમ પર કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, ત્યાગવલ્લભદાસ સ્વામી, ઈશ્વરચરણદાસ સ્વામી, વિવેકસાગરદાસ સ્વામી અને ઘનશ્યામચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આરંભાયેલી પ્રતિષ્ઠા નિમિત્તેની મહાપૂજા સંપન્ન થઈ ચૂકી હતી. ત્યારબાદ પ્રતિષ્ઠોત્સવ નિમિત્તેની સભા આરંભાઈ ચૂકી હતી. સ્વાગત પ્રવચન તથા પ્રાસંગિક વાતો પ્રવક્તા આત્મતૃપ્તદાસ સ્વામીએ કરી.

**■ સ્મૃતિ મંદિરની વિશેષતાઓ:**

અતિ રમણીય સ્મૃતિ મંદિરની કલાત્મક ડિઝાઇનમાં યોગદાન આપનાર શ્રીજીસ્વરૂપદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરની વિશેષતાઓ વર્ણવતાં કહ્યું, ''આ સ્મૃતિ મંદિરની જગ્યા સ્વયં પ્રમુખસ્વામી મહારાજે પસંદ કરી છે. 'મારા ગુરુની દૃષ્ટિ મારા પર હોય અને મારી દૃષ્ટિ ભગવાન પર હોય!' એવી તેમની ભાવના હતી. તેથી મંદિરનો માસ્ટરપ્લાન થયો તેમાં મંદિરની આગળના ભાગે રોઝા ઘોડા પર અસવાર ભગવાન સ્વામિનારાયણને પધરાવ્યા અને અહીં ઓટો કરી તે સ્થાને પ્રતીકાત્મક અક્ષરદેરી પધરાવવામાં આવી.

પ્રમુખસ્વામી મહારાજના ધામગમન બાદ આ પવિત્ર સ્થાને શું બનાવવું? આ માટે જુદા જુદા ૬ થી ૭ વિકલ્પો તૈયાર કર્યા. તેમાંથી મહંત સ્વામી મહારાજે અત્યારે જે છે તે વિકલ્પ પસંદ કર્યો. દિલ્હી અક્ષરધામમાં પ્રમુખસ્વામી મહારાજે જે કદનો ઘુમ્મટ કર્યો છે, એ જ કદનો ઘુમ્મટ અહીં કર્યો છે. અને સંપ્રદાયના આ મોટામાં મોટા ઘુમ્મટમાંના એકની નીચે જ સ્વામીબાપાની સ્મૃતિ જળવાઈ રહે એવું નક્કી થયું. આ સાથે ડિઝાઇનો, કોતરણી વગેરે પણ નક્કી

શાંતિના ધામ સમું પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર એટલે લાખો શ્રદ્ધાળુઓનું શ્રદ્ધા-સ્થાન.
પ્રતિષ્ઠા મહોત્સવના અવસરે લાખોની ભક્તમેદનીએ ઉપસ્થિત રહીને ગુરુહરિનાં ચરણે અંજલિ અર્પી...



કરાયું. આમ, આ મંદિરની ડિઝાઇન આ પરિસરને શોભે એવા પ્રમાણમાં થઈ છે.

આ સ્મૃતિ મંદિર પ્રમુખસ્વામી મહારાજનું છે તો એમાં તેઓના પ્રિય શાસ્ત્રીજી મહારાજના પાયાના સંતો-ભક્તો કેવી રીતે ભુલાય? એ બધાને સ્મૃતિરૂપે આવરી લીધા છે. વળી, સ્વામીશ્રીએ દીક્ષિત કરેલા સંતો, સ્વામીશ્રીએ રચેલાં મંદિર પણ પ્રતિબિંબિત થવા જોઈએ. એ બધું અહીં શિલ્પમાં કંડારાઈ ગયું છે. વર્તમાન સમયના હરિભક્તોના પ્રતીકરૂપે પણ તેમનાં સ્વરૂપો પધરાવાયાં છે. જેમ કે બાળકો, પ્રદેશ પ્રમાણે જુદી જુદી પાઘડીવાળા ભક્તો, જુદા જુદા વિસ્તારના ભક્તો વગેરે! આમ, સ્વામીબાપાના સ્મૃતિ મંદિરની આધારપીઠ, સ્વામીબાપાના સંતો-હરિભક્તો ઝીલીને ઊભા છે!



મંદિરની દીવાલને મંડોવર કહે છે. આ પ્રકારનું મંડોવર વિશિષ્ટ છે. સ્મૃતિ મંદિરના દરેક ખૂણે સામરણમાં ત્રણ ગવાક્ષ શોભે છે! મંડોવરની જંઘામાં ભગવાન સ્વામિનારાયણનાં બાઈ-ભાઈ ભક્તોનાં શિલ્પો બિરાજ્યાં છે. પ્રમુખસ્વામી મહારાજને ગમતાં આપણાં પવિત્ર પ્રતીકો શંખ, ઘંટડી, મોર, હાથી વગેરેનો ડિઝાઇનમાં ઉપયોગ કર્યો છે. આ સ્મૃતિ મંદિરના દરવાજા કાચના છે. સ્વામીબાપાની ઇચ્છા હતી કે ગુરુ શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ કાયમ તેમના પર રહે અને સ્વામીબાપાની દૃષ્ટિ કાયમ ભગવાન સામે રહે તે માટે મંદિરના દરવાજા કાચના કર્યા છે.

સ્મૃતિ મંદિરની અંદર આઠ અડધા થાંભલા છે. મંદિરમાં રહેલા ઘુમ્મટને સ્વામીબાપાના જ લાડીલાં બાળ-બાલિકા, કિશોર-કિશોરી, યુવક-યુવતી, પુરુષ-મહિલાઓનાં દૈવી સ્વરૂપો ઉપાડી રહ્યાં છે. આ રીતે બધાની ભક્તિ આમાં આવરી લેવાઈ છે.

સ્મૃતિ મંદિરનું મધ્ય સ્થાન ભક્તિનંદન સ્વામીએ ખૂબ ચીવટથી, ખૂબ રસ લઈને અને ખૂબ બારીકાઈથી કલાત્મક બનાવ્યું છે. ગર્ભગૃહમાં સ્વામીબાપાની લાક્ષણિક મૂર્તિ મૂકી

પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરની આધારપીઠ પર બિરાજમાન મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ વિશાળ ભક્તમેદનીને સંબોધીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય આધ્યાત્મિક ગુણો-પ્રદાનોનું સ્મરણ કર્યું...





પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિરના ઉદ્‌ઘાટન અવસરે મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોની વિરલ સ્મૃતિ...

છે. સ્વામીબાપા કથાવાર્તા દરમિયાન છાતી પર હાથ મૂકીને, લટકું કરીને 'નિજાત્માનં બ્રહ્મરુપં...' બોલતા હોય એવી લાક્ષણિક મુદ્રાની મૂર્તિ અહીં પધરાવી છે.''

આ મંદિરમાં મકરાણાનો આરસ પથ્થર વપરાયો છે, કારણ કે સ્વામીબાપાને ગઢડા મંદિર વખતે શાસ્ત્રીજી મહારાજે મકરાણા મોકલેલા. મકરાણાનો આરસ તેમને ગમતો. જ્ઞાનેશ્વરદાસ સ્વામી વગેરે સંતો ત્યાં ખાણમાં જઈને પથ્થર કઢાવી લાવ્યા. મંદિરનિર્માણમાં, પથ્થર ઘડતરમાં શ્રી હર્ષદભાઈ ચાવડા, પ્રકાશભાઈ સોમપુરા, અશ્વિનભાઈ એન્જિનિયર વગેરેનો ખૂબ મોટો ફાળો છે. આ સમર્પિત ભક્તોએ બે વર્ષમાં સ્મૃતિ મંદિર પૂર્ણ કર્યું છે!

સ્મૃતિ મંદિરની ઉપરોક્ત વિશેષતાઓ જાણ્યા બાદ પ્રાસંગિક સભા આગળ ધપી. 'પ્રમુખસ્વામી મહારાજે સત્સંગ સમાજને શું શું ભેટ આપી છે?' એ મધ્યવર્તી વિચાર સાથે સભાપ્રવાહ વહેવા લાગ્યો. સૌ પ્રથમ પ્રવક્તા દ્વારા પ્રમુખસ્વામી મહારાજે આપેલાં અલગ અલગ પ્રદાનોની પૂર્વભૂમિકા બંધાતી હતી. ત્યારબાદ મહંત સ્વામી મહારાજે આશીર્વચનોમાં સ્મૃતિ મંદિરનો મહિમા કહ્યો હતો તેના આધારે તે વિષય ઉદ્‌ઘાટિત થતો હતો. તેને અનુરૂપ પંક્તિનૃત્ય રજૂ થતું હતું અને અંતે એ જ વિષય પર વિશેષ પ્રકાશ પાથરતું વરિષ્ઠ સંતનું પ્રવચન રજૂ થતું હતું.

**પ્રથમ સોપાન હતું:** *'શાંતિનું ધામ-પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર'.*

આ સોપાનમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ સંબોધન કરતાં જણાવ્યું: 'પ્રમુખસ્વામી મહારાજનું મૂળ નામ જ શાંતિલાલ હતું. નામ પ્રમાણે જ તેઓનું જીવન હતું. શાસ્ત્રીજી મહારાજની તેમના ઉપર નાનપણથી દૃષ્ટિ હતી. શાસ્ત્રીજી મહારાજ જેવા મહાન ગુણાતીત પુરુષે તેમના બાળપણથી જ જોયું હતું કે આ સંત સંસ્થાનું કાર્ય, તેનો વિકાસ, લાખો હરિભક્તોને સાચવવા, લાખો હરિભક્તોને શાંતિ આપવી - આ કાર્ય કરી શકશે. શાસ્ત્રીજી મહારાજ ભવિષ્યનું જાણતા હતા એટલે તેમણે પ્રમુખસ્વામી મહારાજને બી.એ.પી.એસ. સંસ્થાનું પ્રમુખપદ સોંપ્યું. તે સમયે જૂના હરિભક્તોને પણ બહુ આશ્ચર્ય થયું કે આટલી નાની ઉંમરમાં સંતને આટલી મોટી જવાબદારી! પરંતુ શાસ્ત્રીજી મહારાજને અનન્ય વિશ્વાસ હતો કે આ નારાયણસ્વરૂપદાસજી સર્વોપરી કાર્ય કરીને ડંકો વગાડશે. યોગીબાપાના સમયમાં પણ પ્રમુખસ્વામી મહારાજે તેમના સેવક બનીને ખૂબ સેવા કરી.



વેદોક્તવિધિપૂર્વક મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોએ સ્મૃતિ મંદિરના પવિત્ર સ્મૃતિસ્થાનનું ષોડશોપચાર પૂજન કર્યું...

ત્યારબાદ ગુરુપદે આવ્યા પછી ગામડે ગામડે અને વિશ્વમાં ઠેર ઠેર અજોડ વિચરણ કર્યું. જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં ત્યાં હરિભક્તો અને મહાનુભાવોને પણ પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શને જ થતું કે 'આ કોઈ અલૌકિક પુરુષ છે, શાંતિદાયક પુરુષ છે.' પણ તેઓ તો એકદમ સામાન્ય સંત બનીને સરળ રહીને નિર્માનીપણે જ વર્ત્યા છે. તેમના જીવનમાં કોઈ જ પ્રકારનો દંભ કે દેખાડો કરવાની વૃત્તિ ક્યારેય પણ લેશમાત્ર જોયાં નથી. એટલે જ નાનાં નાનાં બાળકોથી લઈને મોટા મોટા મહાનુભાવોને સ્વામીબાપાનાં દર્શનમાત્રથી શાંતિનો અનુભવ થતો. કુદરતી રીતે જ દરેકના હૃદયમાં ભાવ થતો કે આ સંત સાથે જોડાવું જોઈએ, તેમનો લાભ લેવાથી આપણા જીવનની અંદર સુખ-શાંતિનો અનુભવ થશે. જીવન ધન્ય અને સાર્થક થશે.

અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ ઊજવાયો તેમાં સૌને આ જ અનુભવ થયો. સૌની ધારણા બહાર ૧,૨૧,૦૦,૦૦૦ લોકો પ્રમુખસ્વામી મહારાજ નગરનાં દર્શને આવ્યા. ખાસ તો બધાયને પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિનું ખૂબ જ આકર્ષણ થયું. દર્શનાર્થીઓ પ્રમુખસ્વામી મહારાજની એ મૂર્તિ સમક્ષ પ્રાર્થના કરતા, દંડવત કરતા, માળા કરતાં. વળી, રાત્રે પણ લોકો મૂર્તિ સામે બેસીને માળા કરતા. એ અલૌકિક મૂર્તિના મુખારવિંદમાંથી, આંખોમાંથી લોકોને એટલો બધો શાંતિનો અનુભવ થતો કે ન પૂછો વાત! જે લોકોને પ્રમુખસ્વામી મહારાજનાં પ્રત્યક્ષ દર્શન નથી થયાં એ લોકોને મનમાં વસવસો રહી ગયો કે આ મહાપુરુષનાં દર્શન ન કરી શક્યા! સ્વામીબાપાનું સ્વરૂપ એકદમ દિવ્ય હતું. એમનાં દર્શનથી શાંતિ પ્રાપ્ત થાય, કારણ કે તેઓ સાચા ગુણાતીત સંત હતા. અને ગુણાતીત સંતનાં દર્શનથી શાંતિ થાય, થાય ને થાય જ.

સ્વામિનારાયણ ભગવાન અને શાસ્ત્રીજી મહારાજના મનગમતા સ્થાન સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજનું અલૌકિક સ્મૃતિ મંદિર રચાયું છે, તેની શોભા જુદી છે. અખંડ સ્મૃતિપટ પર રહે, તેનાં દર્શનથી શાંતિ શાંતિ થઈ જાય એવું આ દિવ્ય સ્થાન છે. અહીં તો ત્રણ ત્રણ દિવ્ય સ્થાન છે. તેનો લાભ લેવાથી અંતરમાં શાંતિ શાંતિ શાંતિ થશે.'

**દ્વિતીય સોપાન હતું :** *'સંકલ્પ પૂર્તિનું ધામ - પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર'.*

આ વિષયક પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના



સ્મૃતિ મંદિરમાં પ્રમુખસ્વામી મહારાજની મૂર્તિમાં વેદોક્ત વિધિ દ્વારા પ્રાણ-આહ્‌વાન કરતા મહંત સ્વામી મહારાજ...

વીડિયો દ્વારા મહિમાવચનો તથા નૃત્યાંજલિ બાદ વિવેકસાગરદાસ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજના અકલ્પનીય વિચરણની ઝાંખી કરાવી વિશેષમાં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજનું સમગ્ર જીવન હરિભક્તોના સંકલ્પોની પૂર્તિ માટે જ હતું. તેમણે ૧૭,૦૦૦થી વધુ ગામો, ૨,૫૦,૦૦૦થી વધુ ઘરો અને ૫૦થી વધુ દેશોમાં અનેક અગવડો વેઠીને વિચરણ કર્યું અને હરિભક્તોના સંકલ્પો સિદ્ધ કર્યા છે. એક પ્રશ્નના સંદર્ભમાં પ્રમુખસ્વામી મહારાજ એકવાર બોલેલા: 'હું બધાના સંકલ્પો પૂરા કરી, મન સાચવીને બધાને બ્રહ્મરૂપ કરી દઈશ.' આ રીતે પ્રમુખસ્વામી મહારાજે આખી જિંદગી ભક્તોને રાજી કરવા માટે અદ્‌ભુત કાર્યો કરેલાં છે. આજે દેશ-વિદેશના સત્સંગમાં જે રંગ દેખાય છે તે પ્રમુખસ્વામી મહારાજે બધાના સંકલ્પો પૂરા કરીને જમાવેલો છે.''

**તૃતીય સોપાન હતું :** *'શ્રદ્ધા-ભક્તિનું ધામ - પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર'.*

આ વિષયક વીડિયો પ્રસ્તુતિ તથા નૃત્યવંદના બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ કહ્યું, ''શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતામાં સ્થિતપ્રજ્ઞ પુરુષનાં જે લક્ષણ લખ્યાં છે તે પ્રમુખસ્વામી મહારાજમાં જોવા મળે છે. પ્રમુખસ્વામી મહારાજના સન્માનના હજારો પ્રસંગો છે. અપમાનના પણ ઘણા પ્રસંગો છે. આવા પ્રસંગોમાં પણ તેઓ ક્યારેય ડગ્યા નથી. હિમાલય હાલે તો પ્રમુખસ્વામી મહારાજ હાલે! માન-અપમાનમાં એકતા! તેમના જીવન ઉપર ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે 'ટ્રૅન્સેન્ડન્સ' પુસ્તક લખ્યું છે એ સામાન્ય વાત નથી! આવી વ્યક્તિમાં પ્રમુખસ્વામી મહારાજે આ ભાવના કેવી રીતે પ્રગટ કરી હશે તે વિચારવા જેવી બાબત છે. પ્રમુખસ્વામી મહારાજનું જીવન જ એવું હતું કે ભગવાનમાં ન માનનારી વ્યક્તિમાં પણ શ્રદ્ધા ઉત્પન્ન થતી. તેમણે પોતાના યોગમાં આવનારા દરેકના હૃદયની અંદર શુદ્ધ ભાવના પ્રગટ કરી છે.

પ્રમુખસ્વામી મહારાજના આદેશ પ્રમાણે આપણું જીવન બનાવીએ અને આપણે પણ સ્મૃતિ મંદિર બનીએ એવી બુદ્ધિ, બળ સૌને પ્રાપ્ત થાય એ જ પ્રાર્થના.''

અંતમાં સ્વામીશ્રીએ હૃદયવાણી વહાવતાં જણાવ્યું: ''પ્રમુખસ્વામી મહારાજે અનેક કાર્યો કર્યાં છે. આપણે બધા તેના સાક્ષી છીએ. તેઓએ બધામાં શ્રદ્ધા અને ભક્તિ વધારી

છે. બધાને નિષ્ઠાવાન કર્યા છે અને એ નિષ્ઠાને લીધે આપણે અહીં બેઠા છીએ. તેઓનું મોટામાં મોટું કાર્ય-હરિભક્તોને સાચવ્યા, એમને રાજી કર્યા એ છે. તેઓ ક્યારેય અકળાયા નથી. ભક્તોની વાત સાંભળીને એમને સંતોષ, શાંતિ પમાડતા.

આ શાંતિનું ધામ છે. અહીં જે આવશે તેને શાંતિ પ્રાપ્ત થશે એ ગૅરન્ટી છે. દુનિયામાં બધું જ છે પણ શાંતિ નથી. એ શાંતિ અહીં મળશે, એ કેટલી મોટી વાત છે!! એટલે અહીં આવીને લાભ લેવો. સ્વામીને પ્રાર્થના કરવી કે 'આપણા દોષો દૂર કરે અને અનેક રીતે શાંતિ પમાડે' એવી રીતે માંગણી કરવી.''

આશીર્વાદની સમાપ્તિ બાદ આ અદ્‌ભુત સ્મૃતિ મંદિરની રચનામાં તન-મન અર્પણ કરનાર સંતો-હરિભક્તોએ કલાત્મક હારતોરા અર્પણ કરીને સ્વામીશ્રીના આશીર્વાદ લીધા. પ્રમુખસ્વામી મહારાજના સેવક સંતોએ પણ કૃપાશિષ પ્રાપ્ત કર્યા. હારતોરા બાદ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલ ચતુર્થ ઓડિયો આલ્બમ 'બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ જીવનગાથા' સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટિત થયું.

યુ.કે.નાં ૧૫૦ યુવા-યુવતીઓએ દિવસ-રાત એક કરીને ભક્તિભાવપૂર્વક ૯૭.૭૮ સ્ક્વેર મીટરનું પ્રમુખસ્વામી મહારાજના મુખારવિંદનું વિશાળ બબલ પૅઇન્ટિંગ બનાવ્યું હતું. જેમાં સાડા આઠ લાખ બબલમાં ૩૨૦ જેટલા કલર ભરવામાં આવ્યા હતા! આ વિશિષ્ટ રચાનાની નોંધ લેતાં ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સે તા. ૨૪ જાન્યુઆરીના રોજ તેને 'વિશ્વના સૌથી મોટા બબલ પેઇન્ટિંગ' તરીકે નવાજ્યું હતું. આ જાહેરાતને ઉત્સાહથી સૌએ વધાવી હતી. સારંગપુર મંદિરના કોઠારી જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ આભારવિધિ કર્યો.

### ■ મુખ્ય પ્રતિષ્ઠાવિધિ :

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મુખ્ય પ્રતિષ્ઠાવિધિ માટે 'પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ મંદિર'ના પ્રવેશદ્વાર સમક્ષ પધાર્યા. અક્ષરપુરુષોત્તમ મહારાજને આગળ રાખીને સ્વામીશ્રીએ દ્વાર પર બાંધેલી સુવર્ણરસિત સાંકળ તથા દ્વારશાખનું ચંદન-પુષ્પ-અક્ષતથી પૂજન કર્યું. દ્વાર ખોલીને બરાબર ૧૧:૫૮ વાગ્યે પ્રાસાદ-પ્રવેશ કર્યો તે સાથે જ જયનાદોથી પરિસર ગુંજી ઊઠ્યું. પ્રમુખસ્વામી મહારાજની અંતિમ વિધિ કરવામાં આવી હતી તે સ્મૃતિસ્થાનની સ્વામીશ્રીએ પ્રદક્ષિણા કરી. સ્મૃતિસ્થાનના અગ્રભાગે પધરાવાયેલાં શ્વેત ચરણારવિંદો પર પૂજનપૂર્વક પુષ્પ પધરાવી સ્વામીશ્રી ગર્ભગૃહમાં પધાર્યા.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની સંગેમરમરની સુંદર મૂર્તિની સમક્ષ સ્વામીશ્રી, ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ ત્યાગવલ્લભદાસ સ્વામીએ વિધિ આરંભ્યો. સંકલ્પવિધિ બાદ સ્વામીશ્રીએ મૂર્તિના પ્રત્યેક અંગનો દર્ભ શલાકા વડે ન્યાસવિધિ કર્યો. વિધિ ક્રમમાં આગળ વધતાં સ્વામીશ્રીએ ૯૦ વર્ષની ઉંમરે પોતાના શરીરને કષ્ટ પડતું હતું તેમ છતાં પ્રત્યેક અંગનો સ્પર્શ કર્યો. જમણા અંગૂઠા દ્વારા વક્ષઃપ્રદેશને સ્પર્શીને સ્વામીશ્રીએ મૂર્તિમાં પ્રાણ-આહ્‌વાન કર્યું. પ્રાણ-પ્રતિષ્ઠિત મૂર્તિઓને અક્ષતથી વધાવી. ઇષ્ટ સ્વરૂપોનાં સેવા-પૂજાના સંકલ્પો કર્યા.

પરમ પૂજ્ય સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ મૂર્તિઓનું નેત્રોન્મિલન કરીને દર્પણમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની પ્રથમ દૃષ્ટિ ઝીલી! આજના દિવ્ય પ્રસંગે શુભ સંકલ્પોની પરિપૂર્ણતા માટે સ્વામીશ્રી સહિત સૌએ ઉચ્ચ સ્વરે સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી.

હવે સ્વામીશ્રીએ ક્રમશઃ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ સમક્ષ પધારીને તેઓનું ચંદન, અક્ષત અને પુષ્પથી પૂજન કર્યું. ત્યારપછી પ્રમુખસ્વામી મહારાજનું પૂજન કર્યું ત્યારે સૌનાં હૃદય ગદ્‌ગદ થઈ ભાવાર્દ્ર થઈ ગયાં હતાં. મંદિર પરિસરમાં બેઠેલા સંતો-હરિભક્તો તેમજ દેશ-પરદેશમાં ઘરે બેઠાં સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠાનું જીવંત પ્રસારણ માણી રહેલા સૌ કોઈનું અંતર અહોભાવથી છલકાઈ ઊઠ્યું હતું.

પ્રાણપ્રતિષ્ઠા વિધિની સમાપ્તિ બાદ મૂર્તિઓની સમક્ષ અન્નકૂટ ગોઠવાયો. સ્વામીશ્રી અને અન્ય સૌએ અન્નકૂટ સહિત પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી ત્યારે સારંગપુરનું નભોમંડળ જયનાદો, આતશબાજી, વિવિધ રંગની ધૂમ્રસેરો અને રંગબેરંગી કાગળોની વર્ષાથી ભરાઈ ગયું હતું. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ થઈ અને સંકલ્પપૂર્વક સ્વામીશ્રીએ સૌનાં કલ્યાણની મંગલ ભાવના સાથે સ્મૃતિ મંદિરને ખુલ્લું મૂક્યું. સૌ પર અક્ષત-વર્ષા કરવામાં આવી. શતાબ્દી મહોત્સવની પૂર્ણતાના પ્રતીકરૂપે સ્વામીશ્રી અને સદ્‌ગુરુ સંતોએ શતાબ્દી મહોત્સવનાં ચિહ્‌નો સાથેના ફુગ્ગા ગગનગામી કર્યા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા સાથે જ 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'ની શાનદાર પૂર્ણાહુતિ થઈ અને તેનો જયજયકાર દિગંતમાં ગુંજી રહ્યો... ◆




# બી.એ.પી.એસ.નાં નૂતન સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો...

**સાંગલી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ :**

મહારાષ્ટ્રમાં આવેલું સાંગલી શહેર ગોળ, હળદર, કિસમિસ અને ભડંગ(મમરા) માટે ભારતભરમાં વિખ્યાતી પામ્યું છે. આ શહેરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગ અંકુરિત થયો દાયકાઓ પહેલા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા. બરવાળાના વતની શ્રી ચંપકભાઈ શાહને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા સત્સંગનો રંગ લાગ્યો હતો. એમના સંગે ઉત્તર ગુજરાતના શોભાસણ ગામના શ્રી ગોપાલભાઈ પટેલનો પણ સત્સંગમાં પ્રવેશ થયો. આમ, આ બંને હરિભક્તોની જોડી દ્વારા સાંગલીમાં સત્સંગની શરૂઆત થઈ હતી.

સન ૧૯૭૬માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ સંતો સાથે અહીં પધાર્યા હતા ત્યારથી તેઓ આ બંને પાયાના હરિભક્તોને 'કાળી ટોપી - ધોળી ટોપી'ના હુલામણા નામથી બોલાવતા. ત્યારબાદ સમગ્ર સત્સંગ-સમાજમાં પણ આ હરિભક્તો તે હુલામણા ઉપનામથી ઓળખાવા લાગ્યા.

સમયાંતરે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અને વડીલ સંતોએ આ શહેરમાં પધારીને સત્સંગને પુષ્ટિ આપી. દાદર મંદિરથી હરિભૂષણદાસ સ્વામી, આનંદકંદદાસ સ્વામી, દિવ્ય-નયનદાસ સ્વામી, સુબોધસાગરદાસ સ્વામી, શ્રીરંગદાસ સ્વામી, શ્રુતિવલ્લભદાસ સ્વામી અને નિર્દોષનયનદાસ સ્વામીએ આ ક્ષેત્રમાં સતત વિચરણ કરીને સત્સંગને ગતિમાન રાખ્યો છે. સાથે સાથે સ્થાનિક હરિભક્તોના પુરુષાર્થથી અહીં સત્સંગને પોષણ મળતું રહ્યું. સત્સંગની પણ અભિવૃદ્ધિ થતાં નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ.

શ્રી ચંપકભાઈ અને શ્રી ગોપાલભાઈને સંકલ્પ હતો કે સાંગલીમાં મંદિરનું નિર્માણ થાય. એમના સંકલ્પે ચંપકભાઈના સુપુત્ર શ્રી પરેશભાઈએ શહેરના મુખ્યમાર્ગ

પરની ભૂમિ મંદિર માટે અર્પણ કરી. તા. ૨૯-૪-૨૦૧૮ના દિવસે પૂજ્ય નરેન્દ્રપ્રસાદદાસ સ્વામી, પૂજ્ય અભયસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરનું ખાતમુહૂર્ત થયું. ધીમે ધીમે કોરોનાકાળની વચ્ચે ત્યાગાનંદદાસ સ્વામી અને યોગીપ્રિયદાસ સ્વામીની દેખરેખ હેઠળ મંદિર આકાર લેવા લાગ્યું. શ્રી પરેશભાઈ શાહ, શ્રી વિપુલભાઈ શાહ, શ્રી ઘનશ્યામભાઈ પટેલ, શ્રી નિકુલભાઈ પટેલ, શ્રી ક્રિષ્નાભાઈ પટેલ, શ્રી સતીશભાઈ મહેતા, શ્રી અજયભાઈ શાહ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જીજ્ઞેશભાઈ પટેલ, શ્રી બિપીનભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ જાજલ, શ્રી હિંમતભાઈ પડિયા, શ્રી હર્ષદભાઈ શાહ, શ્રી ગોપાલભાઈ (અજન્ટા મશીનરી), શ્રી મહેશભાઈ ઠાકર, શ્રી મહેશભાઈ, શ્રી રાજુભાઈ શંકરવાલા, શ્રી સતીશભાઈ મહેતા, શ્રી રિતેશભાઈ શેઠ આદિ હરિભક્તોના સહયોગથી તથા સમસ્ત સત્સંગ મંડળના સહિયારા પુરુષાર્થથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

તા. ૧૪-૫-૨૦૨૨ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે કણાદ (સુરત) ખાતે સાંગલી મંદિરની મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો ત્યારે સાંગલી સત્સંગમંડળને સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું: 'સાંગલીમાં અનેક વાર આવવાનું થયું છે. હવે મંદિર થયું છે તો ભજન ભક્તિભાવના ખૂબ ખૂબ વધશે.'

સાંગલી મંદિર મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે ત્રિદિવસીય ઉત્સવના ઉપક્રમે તા. ૨૯-૬-૨૦૨૨ના રોજ 'મહિલા સંમેલન' યોજાયું, જેમાં મહિલાઓએ ખૂબ મોટી સંખ્યામાં લાભ પ્રાપ્ત કર્યો. તા. ૩૦-૬-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. તા. ૧-૭-૨૦૨૨ના રોજ રથયાત્રાના પવિત્ર દિને પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, ઘનશ્યામપ્રસાદદાસ સ્વામી તથા મુંબઈ, નાસિક, પુણે મંદિરના સંતોની ઉપસ્થિતિમાં મૂર્તિ સ્થાપનવિધિ સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સાંગલી શહેરના લબ્ધ પ્રતિષ્ઠિત શ્રેષ્ઠીઓ, અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, ગુણભાવી ભક્તોએ ઉપસ્થિત રહીને સંતોના કથામૃતનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

### પાટડી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ :

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકા મથકમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ તા. ૨૮-૧૧-૨૦૨૨ના રોજ યોજાઈ ગયો.

સન ૧૯૫૭માં પાટડીમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ પૂજ્ય મહંત સ્વામી મહારાજની સાથે પધાર્યા હતા ત્યારે પાટડી દરબાર ગઢમાં ઉતારો કરીને ઉપસ્થિત યુવકોને આશીર્વાદ આપ્યા હતા. શ્રી નીતિનભાઈ મીરાણી, શ્રી ચંદ્રકાંતભાઈ મીરાણી, શ્રી ભરતભાઈ સોની વગેરે સ્વયંસેવકોના પુરુષાર્થથી અહીં સન ૨૦૦૯થી નિયમિત અઠવાડિક સત્સંગ સભાની શરૂઆત થઈ. સન ૨૦૧૧માં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પધારીને સત્સંગમંડળને ખૂબ બળ પ્રેરીને નૂતન મંદિર માટે સંકલ્પ કરાવ્યો હતો. સન ૨૦૧૫થી અમદાવાદ મંદિરેથી અમૃતકીર્તિદાસ સ્વામી અને સંતોની આ વિસ્તારમાં વિચરણની શરૂઆત થઈ. સાથે સાથે સંસ્થાના વિદ્વાન સંતો દ્વારા પારાયણો પણ યોજાતા રહ્યા, પરિણામે સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા ઊભી થઈ.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન મુજબ શાળા અને છાત્રાલયની નજીક આવેલી ભૂમિને સંપાદિત કરવામાં આવી. તા. ૨૦-૧૨-૨૦૧૭ના રોજ પરમ પૂજ્ય મહંત

સાંગલી મંદિરમાં મૂર્તિઓનો સ્થાપનવિધિ કરતા પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી તથા મહાપૂજામાં રત ભક્તગણ...





સ્વામી મહારાજ પાટડીમાં પધાર્યા ત્યારે મંદિર પાસેથી પસાર થતા માર્ગનું 'પ્રમુખસ્વામી મહારાજ માર્ગ' તરીકે નામાભિધાન કર્યું હતું. આ ભૂમિ પર આશીર્દૃષ્ટિ કરીને પુષ્પ પધરાવીને આશીર્વાદ ઉચ્ચાર્યા હતા કે 'અહીં જે કોઈ વસવાટ કરશે તેમને ખૂબ સારો સત્સંગ થશે. મંદિર શોભી ઊઠશે, ભવિષ્યમાં ખૂબ સત્સંગ વધશે, બાળકો સંસ્કારી થશે અને સત્સંગમાં આવશે.'

૨૮-૧૧-૨૦૨૨ના રોજ પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠા વિધિ સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને મંદિર નિર્માણમાં સહયોગી હરિભક્તોની સેવાને બિરદાવી હતી. આમ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે ગુરુહરિનાં ચરણે મંદિરની ભેટ અર્પણ કરી પાટડી સત્સંગ મંડળે ખૂબ ધન્યતા અનુભવી હતી.




પાટડી મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો સ્થાપનવિધિ કરતા પૂજ્ય આત્મસ્વરૂપદાસ સ્વામી તથા યજ્ઞમાં બિરાજેલા ભક્તો...

આમ સત્પુરુષના આશીર્વાદથી પરિતૃપ્ત થયેલી આ ભૂમિ પર તા. ૮-૨-૨૦૧૮ના રોજ આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરનો ખાતમુહૂર્ત વિધિ થતાં અમદાવાદ મંદિરના કોઠારી સંતો અને વિચરણ કરતા સંતોના માર્ગદર્શન હેઠળ મંદિર નિર્માણની શરૂઆત થઈ.

મંદિર નિર્માણમાં શ્રી નીતિનભાઈ મિરાણી, શ્રી જસમતભાઈ પટેલ તેમજ સ્થાનિક હરિભક્ત શ્રી ભરતભાઈ સોની, શ્રી દીનુભાઈ માલવી, શ્રી રાજુભાઈ લખતરિયા, શ્રી દીપકભાઈ પટેલ, શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ, શ્રી હરેશભાઈ પ્રજાપતિ, શ્રી સંજયભાઈ ભાવસાર, શ્રી ભરતભાઈ પટેલ, શ્રી મહેશભાઈ ઉધરોજા, શ્રી અનિલભાઈ દેસાઈ, શ્રી લક્ષ્મીકાંત સોલંકી, શ્રી રતિલાલ દરજી, શ્રી કનૈયાલાલ દરજી વગેરે તથા મહિલામંડળનો ખૂબ સહયોગ પ્રાપ્ત થયો. સુંદર મંદિરનું નિર્માણ પૂર્ણ થતાં સંતો-હરિભક્તોએ પ્રતિષ્ઠા ઉત્સવનું આયોજન કર્યું.

તા. ૯-૭-૨૦૨૧ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે શાહીબાગ મંદિરે પાટડી ખાતે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પૂજનવિધિ કર્યો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૭-૧૧-૨૦૨૨ના દિવસે વૈદિક વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. તા.

## કાશીપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના કાશીપુરા ગામમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવથી ઊજવીને હજારો હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ કાશીપુરામાં અવારનવાર પધારતા. આ ક્ષેત્રમાં દિવ્યસ્વરૂપદાસ સ્વામી તથા વર્ણીનાથદાસ સ્વામીએ છેલ્લા ચાર દાયકાઓથી વિચરણ કરીને સત્સંગની અભિવૃદ્ધિ કરી છે. કાશીપુરામાં સ્વામીશ્રી તા. ૩-૨-૨૦૦૧ના રોજ પધાર્યા ત્યારે શ્રી સુમનભાઈના પરિવારે મંદિર માટે ભૂમિ અર્પણ કરતા તે ભૂમિ પર પુષ્પો પધરાવીને સૌ પર ખૂબ રાજીપો વરસાવ્યો હતો. સમયના વહેણ સાથે સત્સંગની અભિવૃદ્ધિ થતાં નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ. મંદિરના નિર્માણમાં શ્રી સુમનભાઈ (અમેરિકા), શ્રી રતિભાઈ (અમેરિકા), શ્રી મોહનભાઈ, શ્રી રિન્કુભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી જિગરભાઈ, શ્રી અ.નિ. અજયભાઈ તથા સૌ હરિભક્તોના સમર્પણભાવથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૧-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં સંગીતજ્ઞ સંતો અને યુવકોએ સુમધુર

કંઠે કીર્તનભક્તિ રેલાવીને ભક્તિની લહેર પ્રસરાવી દીધી. બીજા દિવસે સુશોભિત યજ્ઞશાળામાં શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો ત્યારે ૧૦૦ યજમાનોએ પવિત્ર વિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ સૌના અનન્ય ઉત્સાહ વચ્ચે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓને કલાત્મક રથોમાં વિરાજિત કરીને ભક્તિ-ભાવપૂર્વક ગામમાં વહન કર્યું હતું. સાથે સાથે બાઇક

તેઓને ગામમાં કથા પારાયણનો લાભ આપવા માટે નિમંત્રિત કરવામાં આવ્યા અને સ્વામીશ્રીએ પણ સહર્ષ આમંત્રણનો સ્વીકાર કરી ગામને ત્રણ-ત્રણ દિવસ સુધી કથામાં તરબતર કર્યું. તેની સ્મૃતિઓ આજે પણ ગામના ધાર્મિક જનસમાજના હૃદય પટ પર અંકાયેલી છે. સાત-સાત વાર આ ગામને સ્વામીશ્રીની પદરજથી પાવન થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે.





કાશીપુરા મંદિરના અક્ષરપુરુષોત્તમ મહારાજના રથનું વહન કરતા સંતો તથા કપૂરા મંદિરમાં સંતો દ્વારા મૂર્તિસ્થાપન વિધિ...

સવારો, સંતરથ, મંદિરરથ, બાળનૃત્ય, બહેનો દ્વારા કળશ-પોથી યાત્રા સહિતના અનેક આકર્ષણયુક્ત આ શોભાયાત્રાનાં દર્શન કરીને ગ્રામ્યજનો ભક્તિમય બની ગયા હતા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૯-૧૨-૨૦૨૧ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ કાશીપુરા ખાતે તા. ૨૩-૧-૨૦૨૩ના રોજ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ પ્રાસંગિક પ્રેરણાવચનો પાઠવ્યાં હતાં. અહીં વિચરણ કરતા આનંદતીર્થદાસ સ્વામી, શ્રીજીપ્રિયદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્થાનિક સ્વયંસેવકોના અનન્ય સેવા-પુરુષાર્થથી ઊજવાયેલો આ ઉત્સવ સૌ ગામજનો માટે યાદગાર સંભારણું બની રહ્યો હતો.

### કપુરા ખાતે પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવઃ

આધ્યાત્મિક વિચારો અને ભાવનાઓથી પળોટાયેલી કપુરાની ભૂમિને અનેક મહાપુરુષોએ તીર્થત્વ પ્રદાન કર્યું છે જેમાં શિરમોર નામ છેઃ વિશ્વવંદનીય સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજનું.

સન ૧૯૮૬માં ગામના વરિષ્ઠ ભક્ત-સમાજ તરફથી

સન ૧૯૭૮માં અહીં જ એક પ્રવચન દરમિયાન પ્રમુખસ્વામી મહારાજને બીમારી અને અશક્તિને કારણે ભીડો સહન કરવો પડ્યો હતો અને આપણા સૌની સંભાળ લેવા આવેલા પ્રમુખસ્વામી મહારાજને તાત્કાલિક વ્યારા લઈ જવા પડ્યા હતા. અનેક ઘરોમાં કરેલી તેઓની પધરામણીએ ગામને સત્સંગના રંગે રંગી દીધું હતું અને તેનું જ પરિણામ રહ્યું કે આ ગામ દ્વારા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને ઉત્તમપ્રકાશદાસ સ્વામી તથા પ્રિયસેવાદાસ સ્વામીની ભેટ પ્રાપ્ત થઈ. અહીં સન ૧૯૯૬માં નાનકડા હરિમંદિરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે પટની મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ હતી. સત્સંગ વધતા મંદિર નાનું પડવા લાગ્યું. તેથી સૌના સહિયારા પ્રયત્ન અને સેવા-સમર્પણથી તથા સ્વામીશ્રીના આશીર્વાદથી સુંદર હરિમંદિર તૈયાર થઈ ગયું. જોતજોતામાં આ સુંદર હરિમંદિરનો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો. પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરતમાં તા. ૨-૪-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓની તા. ૨-૨-૨૦૨૩ના રોજ કપુરા ગામમાં કલાત્મક રથોમાં ભવ્ય નગરયાત્રા નીકળી. નગરયાત્રાના વિરામ બાદ બાળકો યુવકોએ 'મંદિરમાં પ્રભુ વિરાજે છે' - સંવાદ રજૂ કર્યો. હજારો ભાવિક-ભક્તોએ

નગરયાત્રા તથા સભાનો લાભ લીધો હતો.

તા. ૩-૨-૨૦૨૩ના રોજ નયનરમ્ય મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ રાજેશ્વરદાસ સ્વામી, નારાયણચરણદાસ સ્વામી, પુણ્યદર્શનદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. સુરત, સાંકરી, ભરૂચ, ઉકાઈ, અટલાદરા મંદિરેથી ૩૫ સંતો પધારીને ઉત્સવને સફળ બનાવ્યો હતો. પ્રતિષ્ઠા સભામાં સંતોએ કથામૃતનો લાભ આપ્યો હતો.

સંનિષ્ઠ સત્સંગી શ્રી રમણભાઈ પટેલે ભૂમિ અર્પણ કરી. શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી નગીનભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી ભાવિનભાઈ પટેલ તેમજ અન્ય હરિભક્તોએ સાથે મળીને આ ગામમાં મંદિર નિર્માણનો સંકલ્પ કર્યો, જો કે અનેક અવરોધો પણ આવ્યા. પરંતુ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણમાં અને મહેળાવમાં આપેલા આશીર્વાદના પ્રતાપથી સુંદર મંદિરનું






ભવાનીપુરા મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજનો સ્થાપનવિધિ કરતા પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી...

## ભવાનીપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ :

'ચરોતર' નામે ઓળખાતો ગુજરાતનો રમ્ય પ્રદેશ પ્રકૃતિનાં સૌંદર્ય અને જળ છાયાની જુગતિ માટે જાણીતો છે. રસભરપૂર અને ફળ-ફૂલોની સૌરભથી મહેકતો આ પ્રદેશ સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામી અને તેમના સંતો અને હરિભક્તોના અવિરત વિચરણથી, રમણ ભૂમિ બની ગયો.

સોનામાં સુગંધ ભળે એમ આ ભૂમિમાં અક્ષરપુરુષોત્તમના પ્રવર્તક શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા. ત્યારબાદ ગુણાતીત ગુરુપરંપરા દ્વારા આ ભૂમિ સતત પાવન થતી રહી. આજુબાજુનાં ગામોમાં સત્સંગનો ખૂબ વિકાસ થયો, એની સાથે આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના ભવાનીપુરા ગામમાં પણ ખૂબ સારો સત્સંગનો વિકાસ થયો.

ગુણનિધિદાસ સ્વામી, જનમંગલદાસ સ્વામીના વિચરણથી અહીં સત્સંગ વિકસ્યો છે. છેલ્લાં ૨૩ વર્ષથી વહેતી સત્સંગની સરવાણીથી ગામમાં સંયુક્ત મંડળ, મહિલા મંડળ અને યુવક-યુવતી, બાળ-બાલિકા મંડળ સુંદર રીતે સંચાલિત થઈ રહ્યાં હોવાથી અઠવાડિક સભા અને પારાયણ-ઉત્સવોમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પડઘમ ગુંજી રહ્યા છે.

નિર્માણ થયું. મંદિર નિર્માણ થાય તે હેતુસર યુવકમંડળના યુવકોએ દર રવિવારે મહેળાવ મંદિર સુધી સાઈકલ યાત્રાઓ ઉપરાંત અનેકવિધ નિયમો ગ્રહણ કરીને ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું હતું.

તા. ૨-૨-૨૦૨૩ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૧૬૦થી વધારે યજમાનોએ યજ્ઞવિધિમાં વિરાજીને મંગલ પ્રાર્થના કરી હતી. પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. કલાત્મક રથોમાં બિરાજમાન થઈ મૂર્તિઓએ સૌ પર કૃપાવર્ષા વરસાવી હતી. અમદાવાદ મુકામે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૨-૨-૨૦૨૩ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ ભવાનીપુરા ખાતે તા. ૩-૨-૨૦૨૩ના રોજ જ્ઞાનેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી ઉત્સવ-સભામાં સંતોના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ જ્ઞાનેશ્વરદાસ સ્વામીએ પ્રેરણા-વચનોનો લાભ આપ્યો હતો.

આમ, સ્વામીશ્રીના આશીર્વાદથી અહીં વિચરણ કરતા શુદ્ધચરિતદાસ સ્વામી તથા મંગલયોગીદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ હરિભક્તોની વિશેષ સેવા ભક્તિથી મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો હતો.

**લીંબાસી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:**

ખેડા જિલ્લાના માતર તાલુકાનું આશરે ૮,૦૦૦ની વસ્તી ધરાવતું રળિયામણું ગામ એટલે લીંબાસી. આ ગામની ભાગ્યવંતી ભૂમિને ભગવાન સ્વામિનારાયણથી લઈને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના ચરણસ્પર્શનો લાભ અનેકાનેક વખત મળ્યો છે. એના જ પ્રતાપે આ ભૂમિ પર આજથી લગભગ દોઢ સદી પૂર્વે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી મહારાજના કૃપાપાત્ર ભક્તરાજ વસોના શ્રી વાઘજીભાઈના પ્રયત્નોથી અહીં સુંદર મંદિર તૈયાર થયું હતું. તે વખતે પરમહંસ સંતો પણ અહીં અવારનવાર પધારી સૌમાં કથાવાર્તા દ્વારા સત્સંગનું પોષણ કરતા હતા.

આ ભૂમિએ બી.એ.પી.એસ. સંસ્થાને બે સંતોની ભેટ પણ આપેલી છે. અ.નિ. શ્રી મફતભાઈ સોમાભાઈ પટેલ, અ.નિ. શ્રી મણિભાઈ બેચરભાઈ પટેલ, અ.નિ. શ્રી નરસિંહભાઈ ભાઈલાલભાઈ પટેલ તથા શ્રી અંબાલાલભાઈ કાળિદાસભાઈ પટેલ, અ.નિ. શ્રી ચૂનીભાઈ શામળભાઈ પટેલ, અ.નિ. શ્રી પરષોત્તમભાઈ વાઘજીભાઈ પટેલ આદિ ભક્તોએ આ ગામમાં સત્સંગ વિકાસના પાયામાં મહત્ત્વનું યોગદાન આપેલું છે.

ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ વર્ષો સુધી અહીં ચોખાના ખરડા માટે પધાર્યા હોવાથી અનેકવખત આ ભૂમિને તેઓના દિવ્ય સાંનિધ્યનો લાભ મળ્યો હતો. મહંત સ્વામી મહારાજ ગુરુપદે બિરાજ્યા તેના બે દિવસ પૂર્વે જ તેમણે અહીં પધારીને પારાયણનો લાભ આપ્યો હતો. આમ ગુરુવર્યોના પુરુષાર્થ વડે સિંચાયેલા સત્સંગનો વ્યાપ થવા લાગ્યો.

જૂનું મંદિર નાનું પડવા લાગ્યું તેથી વિશાળ નૂતન મંદિરની આવશ્યકતા ઊભી થઈ. શ્રીહરિના પરમહંસોની એ જ પ્રસાદીભૂત ભૂમિ પર આસપાસનાં મકાનો પ્રાપ્ત કરી વિશાળ સભાખંડ સાથે એક શિખરીય મંદિરનાં પગરણ મંડાયાં. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે બોચાસણ ખાતે તા. ૧૫-૧૧-૨૦૧૬ના રોજ ભૂમિપૂજન અર્થે ઇષ્ટિકાનું પૂજન કર્યું. તેનો ખાતવિધિ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ લીંબાસીમાં પધારીને કર્યો હતો.





લીંબાસી મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર અક્ષરપુરુષોત્તમ મહારાજની શોભાયાત્રા તથા મૂર્તિ સ્થાપન કરતા ત્યાગવલ્લભદાસ સ્વામી...

શ્રી ચીમનભાઈ; શ્રી નયનભાઈ; શ્રી સૂર્યકાન્તભાઈ; શ્રી વિનોદભાઈ (યુ.એસ.એ. અને યુ.કે.), શ્રી ચંદ્રેશભાઈ હીરુભાઈ પટેલ (યુ.કે.), શ્રી પ્રદીપભાઈ ડાહ્યાભાઈ પટેલ (યુ.કે.), શ્રી આશિષભાઈ ભીખાભાઈ પટેલ (યુ.કે.), શ્રી નિશાંતભાઈ બિપીનભાઈ પટેલ (આફ્રિકા), શ્રી મનોજભાઈ નટુભાઈ ચૌહાણ વગેરે હરિભક્તોના સેવા-સહયોગથી મંદિરનું કાર્ય શરૂ થયું.

બાળ-બાલિકા મંડળ, યુવક-યુવતી મંડળ તથા સંયુક્ત મહિલા મંડળના સંપીલા તન, મન, ધનના પુરુષાર્થથી ધીમે ધીમે મંદિર આકાર લેવા માંડ્યું. જેમાં ખાતવિધિથી લઈને છેલ્લે સુધી બાંધકામની દેખરેખ શ્રી કેતુલભાઈ મફતભાઈ પટેલે ખડેપગે રાખી. આમ સૌના મન-કર્મ વચને ભક્તિભર્યા પુરુષાર્થથી ગામના નજરાણા સમું મંદિર તૈયાર થઈ ગયું. હવે તો પ્રતિષ્ઠા મહોત્સવના પડઘમ ગુંજવા લાગ્યા.

તા. ૩૧-૧-૨૦૨૩ થી ૫-૨-૨૦૨૩ સુધી, છ દિવસીય મંદિર ઉત્સવનું આયોજન થયું. પ્રથમ બે દિવસ કૃષ્ણપ્રિયદાસ સ્વામીએ અને તૃતીય દિને મધુરવદનદાસ સ્વામી અને સંગીતજ્ઞ સંતોએ પધારીને સંકીર્તન ભક્તિનો

લાભ આપ્યો હતો. ચતુર્થ દિને મહિલા દિન યોજાયો હતો.

તા. ૪-૨-૨૦૨૩ના રોજ સવારે શ્રી સ્વામિનારાયણ વૈદિક યજ્ઞ શરૂ થયો. સંસ્કૃત મંત્રોચ્ચારથી મંદિર પરિસર ગુંજી ઊઠ્યું. આ યજ્ઞમાં ૮૦૦ જેટલા યજમાનોએ આહુતિ અર્પી ત્યારે યજ્ઞની ધૂમ્રસેરોથી વાતાવરણમાં ઓર દિવ્યતા પ્રસરી ગઈ. અપરાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા યોજાઈ. મયૂર રથ, સિંહ રથ, ગજરાજ પર





ગોરવા (ડાબે) અને પુરુષોત્તમપુરા (જમણે) મંદિરમાં મૂર્તિ સ્થાપન વિધિનાં દૃશ્યો...

વિરાજમાન શ્રીહરિની મૂર્તિ, ઘોડેસવાર, ઘોડા-બગીમાં વિરાજમાન સંતો, તલવારબાજી કરતા યુવકો, વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકો, વ્યસનમુક્તિ રથ, બદલપુર ભજનમંડળી, કલેસર અને પીપળાવની બેન્ડ મંડળી, કળશ અને પોથીધારી બાલિકા-યુવતી-મહિલા સહિતની આ શોભાયાત્રાએ ભક્તિની અનોખી ભાત પાડીને ગામમાં અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તા. ૬-૯-૨૦૨૨ના રોજ આણંદ અક્ષરફાર્મ ખાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૫-૨-૨૦૨૩ના રોજ સવારે માંગલિક મુહૂર્તમાં પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીના વરદ હસ્તે સંપન્ન થયો હતો.

આમ, અહીં વિચરણ કરતાં દિગંતકીર્તિદાસ સ્વામી અને પ્રિયવર્ધનદાસ સ્વામીના આયોજન અને માર્ગદર્શન હેઠળ તથા સૌ સંતો-સ્વયંસેવકોના ભક્તિભર્યા પુરુષાર્થે આ ઉત્સવને શોભાવ્યો હતો.

### ગોરવા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:

ચરોતરના ચોકમાં શાસ્ત્રીજી મહારાજે બોચાસણ જેવા ધામની અંદર અક્ષરપુરુષોત્તમ મહારાજ પધાર્યા તેના આજુબાજુનાં ગામડાઓમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ, પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ તથા સદ્‌ગુરુ સંતો તથા અન્ય સંતોનું વિચરણ સતત રહ્યું છે. સારોલ ક્ષેત્રના ગોરવા ગામમાં વર્ષોથી સત્સંગ હતો. સંતોના વિચરણથી સત્સંગને પુષ્ટિ મળી અને મંદિરની જરૂરિયાત ઊભી થતાં ગામના સરપંચ અને હરિભક્તોના પુરુષાર્થથી જમીન સંપાદન થઈ.

તા. ૫-૧૨-૨૦૨૧ના દિવસે વેદજ્ઞદાસ સ્વામીના વરદ હસ્તે ખાતવિધિ સંપન્ન થયો. સારોલ ક્ષેત્રના નિર્દેશક શ્રી જિતેન્દ્રભાઈ પંડ્યા તથા ગોરવા ગામના હરિભક્ત શ્રી અરવિંદભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી વિપુલભાઈ, શ્રી પ્રતાપભાઈ, શ્રી ગોવિંદભાઈ તથા અન્ય કાર્યકરો-યુવકોના ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વકની ભક્તિસભર સેવાથી ટૂંક સમયમાં જ મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૦-૨-૨૦૨૩ના રોજ ભવ્ય શોભાયાત્રા યોજાઈ ગઈ. ગામના દરેક વિસ્તારમાં ઠાકોરજીની દૃષ્ટિ પડી. તા. ૧૧-૨-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં ૧૦૦ જેટલા હરિભક્તો યજ્ઞવિધિમાં આહુતિ અર્પણ કરી ધન્ય બન્યા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા આણંદ ખાતે તા. ૯-૯-૨૦૨૨ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૧૧-૨-૨૦૨૩ના રોજ ભક્તવત્સલદાસ સ્વામી અને વેદજ્ઞદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ ગામની સુખાકારી

માટે શુભ ભાવનાઓ વ્યક્ત કરીને સૌની સેવા અને ભક્તિને બિરદાવી હતી. અહીં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી અને નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોની નિષ્ઠાપૂર્વક સેવાથી ઉત્સવ ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો હતો.

**પુરુષોત્તમપુરા (બદલપુર) ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:**

મહિસાગરના કાંઠે વસેલું બદલપુર ગામ. જ્યાં રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સુરત ખાતે પૂજેલી ઈષ્ટિકાઓ પધરાવી ભક્તવત્સલદાસ સ્વામીએ મંદિરનો ખાતવિધિ કર્યો. ત્યારબાદ સૌ હરિભક્તોના સહિયારા પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના નિમિત્તે તા. ૧૬-૨-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા ગામના મુખ્ય માર્ગો પર યોજાઈ ત્યારે સૌ ગામજનો




નૂતન બી.એ.પી.એસ. મંદિરોમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓના પ્રાણ-પ્રતિષ્ઠાવિધિ વેળાએ આરતી ઉતારતા સ્વામીશ્રી...

ભક્તિભાવપૂર્વક તેમાં સંમિલિત થયા હતા.

તા. ૧૭-૨-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયાગ થયો, જેમાં ૧૦૦ જેટલા હરિભક્તોએ યજમાન પદે બેસીને આહુતિ અર્પણ કરી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના કરકમળો દ્વારા આણંદ ખાતે તા. ૯-૯-૨૦૨૨ના રોજ વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી ગુણાતીત ગુરુપરંપરાની મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં વેદજ્ઞદાસ સ્વામી અને સંતો દ્વારા પ્રેરણાવચનો પાઠવી સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. મંદિરનિર્માણમાં સહયોગી હરિભક્તોની સેવાને બિરદાવી હતી.

આ વિસ્તારમાં વિચરણ કરતા દિવ્યમંગલદાસ સ્વામી તથા નૈષ્ઠિકમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌના સહિયારા પુરુષાર્થથી મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ ધામધૂમપૂર્વક સંપન્ન થયો હતો.

શ્રીજીમહારાજથી લઈને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજનાં ચરણોથી પાવન બનેલી આ ભૂમિમાં સત્સંગ ખૂબ ફૂલ્યો ફાલ્યો છે. બદલપુરના પરા વિસ્તાર એવા પુરુષોત્તમપુરાની અંદર સભા માટે અગવડતા અનુભવતા ગામના સરપંચ અને અગ્રણી હરિભક્તોના પ્રયાસથી જમીન સંપાદન થઈ. જેનો ખાતવિધિ તા. ૫-૩-૨૨ના રોજ પૂજ્ય ભક્ત-વત્સલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આણંદ ખાતે તા. ૧૫-૯-૨૨ના રોજ પ્રતિષ્ઠિત કરેલી ચિત્રપ્રતિમાની મૂર્તિઓનો સ્થાપનવિધિ વેદજ્ઞદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૫-૨-૨૩ના રોજ થયો હતો. આ પ્રસંગે યોજાયેલી મહાપૂજાનો ૪૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો.

**નારપુરા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:**

બામણગામની પાસે વસેલા નારપુરા ગામમાં વર્ષોથી સત્સંગ ચાલતો હતો. સંતો અને બદલપુરના કાર્યકરોના વિચરણથી સત્સંગની વૃદ્ધિ થતા આ ગામમાં મંદિરની જરૂરિયાત જણાઈ. સરપંચ અને અગ્રણી હરિભક્તોના પ્રયાસથી જમીન સંપાદન થઈ. તા. ૧૮-૫-૨૦૨૨ના

**માણાવદર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ:**

*'ભાગ્ય મોટા આ ભૂમિના જ્યાં હર્યા ફર્યા હરિ આપ...'*નું ગૌરવ ધરાવતી માણાવદરની ભૂમિ જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા અક્ષરબ્રહ્મ શ્રી

ગુણાતીતાનંદ સ્વામીએ વખતોવખત પધારીને પુનિત ચરણ રજથી આ ધરાને ધન્ય કરી છે. અહીં મયારામ ભટ્ટ જેવા નિઃસ્પૃહી, નિષ્કામી અને નિષ્ઠાવાન ભક્તો પ્રગટ થયા, મુક્તરાજ પર્વતભાઈનો વસવાટ પ્રસંગોપાત્ત સાંપડતા સત્સંગ સરિતા વધારે નિર્મળ બની રહી. માણાવદરની સત્સંગ સમૃદ્ધિનું ગરવી ગુણાતીત પરંપરાએ ખૂબ જતન અને સંવર્ધન કર્યું છે. શાસ્ત્રીજી મહારાજે તો નાજુક તબિયત હોવા છતાં ગાડામાં સૂતાં સૂતાંય પધરામણીઓ કરી ભક્તોના કોડ પૂરા કર્યા હતા. તેથી ઘેલા બનેલા ભક્તોએ અહીં યોગીજી મહારાજની જન્મજયંતી ઊજવેલી, તો યોગીજી મહારાજે પણ અત્રે દિવ્ય દીક્ષા સમારોહ યોજી માણાવદરને મૂલ્યવાન સંભારણું આપ્યું છે.

લાભની આ લહાણ ચાલુ રાખતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે પણ અહીં વિચરણ કરી જન-મનને સંસ્કાર્યા છે. તેઓના પ્રેમ અને સ્થાનિક ભક્તોના સેવા-સમર્પણથી માણાવદરની ધરતી પર સોરઠની શાન સમું ભવ્ય ત્રિશિખરીય મંદિર મહોરી ઊઠ્યું. પોતાના પ્રત્યેક કણ-કાંગરે ભક્તિ છલકાવતા આ મંદિરમાં મૂર્તિઓ પ્રતિષ્ઠિત કરવાની મંગલ ઘડી આવી પહોંચી.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૬-૨-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયાગનું આયોજન થયું, તેમાં ૩૦૦થી પણ વધારે યજમાનોએ યજ્ઞ નારાયણને આહુતિ અર્પી જીવન ધન્ય કર્યું. મહિલાપાંખ દ્વારા આ જ દિવસે બપોરે ૧:૦૦ વાગ્યે મહિલા સંમેલન યોજાયું, જેમાં ઉપસ્થિત ૧,૧૦૦થી વધુ મહિલાભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો તુલાવિધિ કરીને વિશેષ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યું.

આજના દિવસે ઢળતી બપોરે માણાવદરના મુખ્ય માર્ગો પર મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મયૂરરથ, સિંહરથ, અશ્વરથમાં બિરાજીને પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓ સૌને દર્શન દેવા પધારી. આ શોભાયાત્રામાં ૭૦ જેટલા સંતો પણ જોડાયા હતા. સાંજે ૭-૩૦ વાગ્યે આ શોભાયાત્રા મંદિરના પ્રાંગણમાં વિરમી ત્યારે ઠાકોરજીની આરતી તથા ભવ્ય આતશબાજીથી વાતાવરણ ગુંજી ઊઠ્યું.

તા. ૧૭-૨-૨૦૨૩ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે પ્રાસાદ પ્રવેશવિધિ, પ્રતિષ્ઠાવિધિ પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી તથા પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ મંદિર નિર્માણમાં જેઓનું વિશેષ યોગદાન રહ્યું છે એવા શ્રી ચંદુભાઈ મારડિયા, શ્રી હિતેશભાઈ મારડિયા તથા શ્રી નવીનભાઈ સાપોવડિયા વગેરે હરિભક્તોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી.

અહીં વિચરણ કરતા કલ્યાણમૂર્તિદાસ સ્વામી તથા સેવાનંદદાસ સ્વામીના માર્ગદર્શન પ્રમાણે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ.

આમ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષના ઉપક્રમે ઉપરોક્ત દસ નૂતન બી.એ.પી.એસ. મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો શાનદાર રીતે ઊજવાયા. બાકી રહેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો હવે પછીના અંકમાં માણીશું. ◆



# બી.એ.પી.એસ. સંસ્થાના એક વધુ નૂતન શૈક્ષણિક પ્રકલ્પ - બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમીનો શુભારંભ




બી.એ.પી.એસ. સંસ્થા આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સામાજિક પ્રવૃત્તિઓની ભાગીરથી વહાવતી રહી છે. આ સામાજિક પ્રવૃત્તિઓમાં બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વ્યાપ વિશાળ છે. ભગવાન સ્વામિનારાયણે પ્રવર્તાવેલ સદ્‌વિદ્યા-પ્રવર્તનના માર્ગને અનુસરી ગુણાતીત ગુરુવર્યોએ સમાજમાં સદ્‌વિદ્યા પ્રવર્તાવવા માટે પુરુષાર્થ કર્યો છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે ગુરુકુલની સ્થાપના દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિનો વિધિવત્ શુભારંભ કર્યો હતો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી ગુરુકુલો, વિદ્યામંદિરો, છાત્રાલયો, યુવા-યુવતી તાલીમ કેન્દ્ર, આર્ષ-શોધ સંસ્થાનો, સંસ્કૃત મહાવિદ્યાલય, સંત પ્રશિક્ષણ કેન્દ્ર, ચાલો આદર્શ બનીએ, IPDC જેવી વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો વ્યાપ વિસ્તર્યો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની શતાબ્દી ઉપક્રમે પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાની એ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વધુ એક નૂતન પૃષ્ઠ ઉમેરાયું – બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી.

અનેક યુવાપ્રતિભાઓ પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની રુચિ અને સદ્‌ગુરુ સંતોના પ્રોત્સાહનથી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હોવાથી તેમને આ બાબતે યોગ્ય માર્ગદર્શન મળે તે હેતુથી યુવાવર્ગને ઉત્તમ સુવિધા સાથે ઉત્તમ માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા કરવાનો બી.એ.પી.એસ. સંસ્થાએ મહત્ત્વનો નિર્ણય કર્યો. પ્રમુખસ્વામી મહારાજના પગલે ચાલી પ્રામાણિક, મૂલ્યનિષ્ઠ અને કર્તવ્ય-પરાયણ અધિકારીગણ રાષ્ટ્રસેવામાં જોડાય તેવા શુભ હેતુ સાથે બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમીનાં મંડાણ થયાં.

આ એકેડેમીના નિર્માણ માટે ગુજરાત તેમજ દિલ્હીની UPSCની તૈયારી કરાવતી શ્રેષ્ઠ સંસ્થાઓ, તજ્જ્ઞો અને સરકારમાં સેવા આપતા અધિકારીશ્રીઓનું માર્ગદર્શન લેવામાં આવ્યું. વિદ્યાર્થીઓના નિવાસ અને અભ્યાસનું કેન્દ્ર સ્થાપવા માટે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજની અનેક સ્મૃતિઓથી યુક્ત એવા અટલાદરા(વડોદરા)ની આ માટે પસંદગી થઈ. જ્યાં પ્રકૃતિ અને અધ્યાત્મનો શાંતિસભર સુમેળ સ્થપાયો છે, તે છાત્રાલયની કાયાકલ્પ કરી એ જ પ્રસાદીભૂત પરિસરને

યુવાઓના ઉન્નત ભવિષ્યનું કેન્દ્ર બનાવવાનો નિર્ણય કરાયો. આ એકૅડેમી માટે તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરવા ગોંડલ, અમદાવાદ અને સુરત એમ ત્રણ સેન્ટર પર પ્રવેશ પરીક્ષા લેવામાં આવી. જેના દ્વારા ઓફલાઇન અને ઓનલાઈન બેચ માટે કુલ ૧૫૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થી યુવક-યુવતીઓની પસંદગી કરવામાં આવી અને આરંભ થયો એક નવા અધ્યાયનો.

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોના હસ્તે તા. ૨૬-૦૨-૨૦૨૩, રવિવારના રોજ અટલાદરા ખાતે બી.એ.પી.એસ. પ્રમુખ એકૅડેમીનું વિધિવત્ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. મહંત સ્વામી મહારાજ સાથે કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી મુંબઈથી લાઇવ પ્રસારણના માધ્યમથી ઉદ્ઘાટન સમારોહમાં જોડાયા, જ્યારે ડૉક્ટર સ્વામીએ પ્રત્યક્ષ ઉપસ્થિત રહી પ્રમુખ એકૅડેમીનું લોકાર્પણ કર્યું. આ સમારોહમાં વડોદરા શહેરના કલેક્ટરશ્રી ડૉ. શ્રી એ. બી. ગોર, ધારાસભ્ય શ્રી કેયૂરભાઈ રોકડિયા, ધારાસભ્ય શ્રી ચૈતન્યભાઈ દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ શ્રી વિજયભાઈ શાહ તેમ જ અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વામિનારાયણ પ્રકાશ
## નિવેદન ફોર્મ : ૨૦૨૩

### સ્વામિનારાયણ પ્રકાશ
માલિકી અને બીજી માહિતી નિવેદન (ફોર્મ નં. ૪, રૂલ-૮)

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિ સ્થળ | : | સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ |
| ૨. પ્રસિદ્ધિ ક્રમ | : | માસિક |
| ૩. મુદ્રકનું નામ | : | સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ૪. પ્રકાશકનું નામ | : | સાધુ કેશવજીવનદાસજી |
| ૫. તંત્રીનું નામ | : | સાધુ સ્વયંપ્રકાશદાસ |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| ૬. માલિકનું નામ | : | સ્વામિનારાયણ અક્ષરપીઠ |
| ઠેકાણું | : | સ્વામિનારાયણ અક્ષરપીઠ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. |

હું, સાધુ કેશવજીવનદાસ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૪-૨૦૨૩ (સહી) સાધુ કેશવજીવનદાસ

બી.એ.પી.એસ. પ્રમુખ એકૅડેમીના ઉદ્‌ઘાટનથી સમગ્ર સંસ્થામાં ઉમંગની લાગણી પ્રસરી ગઈ. મહંત સ્વામી મહારાજ અને ડૉક્ટર સ્વામીએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને વિશેષ પુરુષાર્થ અને ધીરજ રાખી તૈયારી કરે અને મૂલ્યનિષ્ઠ અધિકારી બને તે માટે બળપ્રેરક આશીર્વાદ આપ્યા.

બી.એ.પી.એસ. પ્રમુખ એકૅડેમી અનેક વિશેષતાઓ ધરાવે છે. અહીં વિદ્યાર્થીઓને અનુભવી નિષ્ણાત શિક્ષકો પાસેથી અભ્યાસનો અવસર પ્રાપ્ત થાય છે તો સાથે ઉત્તમ રહેવા જમવાની સુવિધા પણ એક જ કેમ્પસમાં પ્રાપ્ત થાય છે. અત્યાધુનિક ટૅક્નોલોજીના માધ્યમથી દિલ્હીના નામાંકિત તજ્જ્ઞો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે જ્યારે ઓનલાઇન માધ્યમથી બહેનો અને વર્કિંગ પ્રોફેશનલ ઘરે બેઠાં પણ આ અભ્યાસમાં જોડાઈ શકે છે. સમયાંતરે ઉચ્ચ સરકારી અધિકારીઓ દ્વારા પણ પ્રેરણા-પ્રોત્સાહન અપાતું રહેશે. નિયમિત વર્ગોના આયોજન દ્વારા સંપૂર્ણ અભ્યાસક્રમને આવરી લઈ વિદ્યાર્થીઓને બેઝિકથી લઈ એડવાન્સ સુધી પ્રિલિમ, મેઈન્સ અને ઈન્ટરવ્યૂની સર્વાંગી તૈયારી કરાવવામાં આવશે. વિદ્યાર્થીઓની પરસ્પર સહકારયુક્ત સ્પર્ધા સાથે અહીં યુપીએસસીની પરીક્ષા માટે તૈયારી કરવાનો શ્રેષ્ઠ માહોલ સર્જાયો છે. ઉપરાંત અદ્યતન ક્લાસરૂમ, વ્યક્તિગત ડેસ્ક સાથે શાંત રીડિંગ રૂમ, જરૂરી મૅગેઝિન-વર્તમાનપત્રો-પુસ્તકો સાથેની લાઇબ્રેરી, ગ્રૂપ ડિસ્કશન માટે અલગ ખંડોની ઉત્કૃષ્ટ વ્યવસ્થા સાથે આ કેન્દ્ર કાર્યરત થયું છે. ટૂંકમાં, ગુરુહરિના આશીર્વાદની સાથે પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી, જ્ઞાનેશ્વરદાસ સ્વામી, યજ્ઞપ્રિયદાસ સ્વામી અને ભાગ્યસેતુદાસ સ્વામીના અમૂલ્ય માર્ગદર્શન અનુસાર આ કેન્દ્રના વિદ્યાર્થીઓ સફળતા પ્રાપ્ત કરે તે માટે સંસ્કારયુક્ત શિક્ષણ માટે ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

પસંદ પામેલા વિદ્યાર્થીઓના વાલીઓની વિશેષ જાગૃતિ માટે તા. ૫-૩-૨૦૨૩ના રોજ એક વિશેષ સત્ર 'The Power of Parental Support' વિષય હેઠળ વાલી સંમેલન યોજાઈ ગયું, જેમાં તજ્જ્ઞો, વાલીઓ અને સંતો દ્વારા વિદ્યાર્થીઓની સફળતા માટે વાલીઓના સહકાર અંગે વિષદ ચર્ચા થઈ.

બી.એ.પી.એસ. સંસ્થાની આ નૂતન શૈક્ષણિક પ્રવૃત્તિ યુવાવર્ગના ઉજ્જવળ ભવિષ્યને, સમાજસેવાની પરહિતકારી પ્રવૃત્તિને, રાષ્ટ્ર-નિર્માતાઓના સ્વપ્નને સાકાર કરશે અને માનવ ઉત્કર્ષના પથને પ્રકાશિત કરશે. ◆

# શ્રીરામજન્મભૂમિ મંદિર પ્રતિષ્ઠાના ઉપક્રમે શતકોટિ હનુમાન ચાલીસાના પાઠનો દિલ્હી અક્ષરધામથી ભવ્ય શુભારંભ




તીર્થભૂમિ અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ ખાતે રચાઈ રહેલા ભવ્ય શ્રીરામ મંદિરના આગામી વર્ષે થનારા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વતૈયારીઓ આરંભાઈ ગઈ છે. જેના એક સોપાન રૂપે ૨૧ માર્ચ, ૨૦૨૩ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીના ૩૦૦ દિવસ માટે, સમગ્ર દેશમાં સાંસ્કૃતિક ચેતના જાગ્રત કરવા માટે સ્વામિનારાયણ અક્ષરધામ મંદિર, દિલ્હીથી એક અપૂર્વ ભક્તિ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં વિખ્યાત સંતો, મહાત્માઓ, ધર્મગુરુઓ અને વિદ્વાન મહાનુભાવોએ ભાગ લીધો હતો.

પરસ્પર સ્નેહ અને સંવાદિતા સાથે સમગ્ર રાષ્ટ્રમાં સાંસ્કૃતિક ચેતના જાગ્રત કરવા માટે આયોજિત આ કાર્યક્રમમાં મહામંડલેશ્વર સ્વામી શ્રી પુણ્યાનંદગિરિજી મહારાજ, સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજ, સ્વામી શ્રી જ્ઞાનાનંદજી મહારાજ, સ્વામી શ્રી બાલકાનંદગિરિજી મહારાજ, સ્વામી શ્રી પ્રણવાનંદ સરસ્વતીજી મહારાજ, મહામંડલેશ્વર સ્વામી શ્રી વિશ્વેશ્વરાનંદગિરિજી મહારાજ, પૂજ્ય સ્વામી શ્રી ગોપાલશરણદેવાચાર્યજી મહારાજ, પૂજ્ય જૈન આચાર્ય શ્રી લોકેશ મુનિજી મહારાજ, શ્રી ચંપતરાય (શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા), શ્રી નૃપેન્દ્ર મિશ્રા (શ્રીરામ જન્મભૂમિ અયોધ્યા), શ્રી આલોક કુમાર (વિશ્વ હિન્દુ પરિષદ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

રાષ્ટ્રમાં એક સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સશક્તિકરણ માટે અક્ષરધામ મંદિરના મંચ પર સૌએ એકઠા થઈને સંકલ્પ કર્યો કે શ્રીરામ મંદિરની સ્થાપના પહેલાં લાખો-હજારો ભક્તોએ હનુમાનજીની જેવી ભક્તિ જગાડવા માટે સમર્પિત થવું જોઈએ. આ માટે હનુમાન ચાલીસાનો પાઠ ભગવાનનાં ચરણોમાં અર્પણ થવો જોઈએ, જે આગામી શ્રીરામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સુધી ચાલુ રાખવામાં આવશે. આ સાથે ભગવાન શ્રીરામના જીવન પર આધારિત કથા-પ્રવચનો, પુસ્તક-નિબંધ લેખન, સુંદરકાંડ આધારિત કથાઓ, પરિષદો, પરિસંવાદો, સ્પર્ધાઓ વગેરે અનેક પ્રકારની ભક્તિપ્રવૃત્તિઓ પણ વર્ષભર ચાલુ રહેશે.

રામજન્મભૂમિ મંદિરનિર્માણના મુખ્ય કાર્યવાહક શ્રી

ચંપતરાયજીએ જણાવ્યું: 'આજે આ અક્ષરધામ સંકુલમાં આવી મહાસભા અને સંતો મહંતોને જોઈને સમગ્ર હિન્દુ સમાજનું સપનું સાકાર થતું જણાય છે. આજે રામ મંદિરના નિર્માણના રૂપમાં રાષ્ટ્રના મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.'

રામજન્મભૂમિ મંદિરના ટ્રસ્ટી અને કોષાધ્યક્ષ પૂજ્ય શ્રી ગોવિંદદેવગિરિજી મહારાજે જણાવ્યું: 'આ રામમંદિર એ રાષ્ટ્રનું મંદિર છે. હનુમાન ચાલીસાના પાઠથી દેશમાં શક્તિમય, મંગલમય વાતાવરણ સર્જાશે. સમગ્ર દેશના નાગરિકોમાં હનુમાનજીના ગુણો આવશે અને ઉત્તમ રાષ્ટ્રનું નિર્માણ થશે અને સમાજ સંગઠિત થશે.'

વિશ્વ હિન્દુ પરિષદના શ્રી આલોક કુમારજીએ જણાવ્યું: 'આ અક્ષરધામ સંકુલમાં શ્રીરામ મંદિરનો ઉદ્ઘોષ થયો એ જોતા મને દૃઢ વિશ્વાસ આવી ગયો કે આ આયોજન સફળતાપૂર્વક પૂર્ણ થશે. હનુમાનચાલીસાના પાઠ દ્વારા ભારત જરૂર વિશ્વગુરુ તરીકે પ્રસ્થાપિત થશે.'

આદરણીય સરસ્વતી શ્રી પ્રણવાનંદ સરસ્વતીજીએ જણાવ્યું: 'આ આંદોલન જન જન સુધી રામને પહોંચાડવાનું માધ્યમ છે. આ અભિયાન સાથે જોડાઈને હું ગૌરવ અનુભવું છું.'

મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ જણાવ્યું: 'આજે સ્વામિનારાયણ અક્ષરધામથી આ દિવ્ય પ્રકલ્પનો આરંભ થઈ રહ્યો છે ત્યારે તેના નિર્માતા પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ થાય છે. તેઓના વરદ હસ્તે રામ મંદિરની પ્રથમ ઈષ્ટિકાનું પૂજન થયું હતું. મહંત સ્વામી મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું છે કે, 'જે કોઈ હનુમાન ચાલીસાનો પાઠ કરશે તે સદ્ગુણ યુક્ત બનશે.'

મહામંડલેશ્વર સ્વામી શ્રી વિશ્વેશ્વરાનંદગિરિજી મહારાજે જણાવ્યું: 'આજે ૧૦૦૦ વર્ષ સુધી મંદિર રહી શકે તેવા મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને હજારો વર્ષ સુધી સનાતન ધર્મની પણ રક્ષા આવા પ્રકલ્પ દ્વારા થશે તેવું હું દૃઢપણે માનું છું.'

મહામંડલેશ્વર સ્વામી શ્રીજ્ઞાનાનંદજી મહારાજ, મહામંડલેશ્વર સ્વામી શ્રીપુણ્યાનંદગિરિજી મહારાજ, મહામંડલેશ્વર શ્રી બાલકાનંદગિરિજી મહારાજ વગેરેએ પણ પોતાનાં પ્રવચનોમાં આજના આ પ્રકલ્પને સુમનાજંલિ અર્પી હતી. યોગગુરુ શ્રી બાબા રામદેવજીએ જણાવ્યું: 'સ્વામિનારાયણ સંપ્રદાય સમગ્ર ભારત સાધુ સમાજનું ગૌરવ છે અને સાધુ જીવન કેવું હોવું જોઈએ તો તેનું ઉત્તમ ઉદાહરણ બી.એ.પી.એસ સંસ્થાની સંત પરંપરા છે. હનુમાન ચાલીસાના પાઠ કરતાં કરતાં સ્વયં હનુમાનજી મહારાજ આપણા હૃદયમાં વસી જશે તેવું હું માનું છું.'

આ પ્રસંગે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે વીડિયોના માધ્યમથી આશીર્વાદ પાઠવ્યા હતા: 'ભગવાન રામચંદ્રનું ચરિત્ર સમગ્ર વિશ્વ માટે પ્રેરણાદાયી છે. શ્રીરામ જન્મભૂમિ અયોધ્યામાં મંદિરની પ્રતિષ્ઠા માટેનું આ ભક્તિ અનુષ્ઠાન સમગ્ર વિશ્વમાં આધ્યાત્મિક મૂલ્યોનો સંચાર કરશે. અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ પણ સનાતન ધર્મ અને સંસ્કૃતિના પ્રચારમાં જીવનભર સમર્પિત હતા. શ્રીરામ મંદિરના શિલાપૂજનથી લઈને મંદિર નિર્માણ સુધી તેમણે હંમેશાં સક્રિય યોગ આપ્યો હતો. આ ભક્તિમય આયોજન સમગ્ર ભારત અને વિશ્વમાં સફળ થાય તેવી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ભગવાન શ્રીરામનાં ચરણોમાં પ્રાર્થના.'

અક્ષરધામ મંદિર પરિસરના કોઠારી મુનિવત્સલદાસ સ્વામીથી લઈને સર્વે સંતો અને સ્વયંસેવકોના સહયોગથી આ અવસર ગૌરવપૂર્ણ રીતે સંપન્ન થયો હતો. ◆

## અક્ષરવાસ

**બી.એ.પી.એસ. પરિવારના અક્ષરનિવાસી સંતને હાર્દિક શ્રદ્ધાંજલિ...**

### પૂજ્ય નિર્મલકીર્તિદાસ સ્વામી, મુંબઈ, ઉ.વ. ૩૩, અક્ષરવાસ તા. ૧૧-૧૨-૨૦૨૨



પૂજ્ય નિર્મલકીર્તિદાસ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે ૨૦૧૧માં દીક્ષા ગ્રહણ કરી હતી. પૂર્વાશ્રમમાં તેઓ અમદાવાદમાં રહીને સત્સંગના યોગમાં આવ્યા હતા. તેઓએ B.Sc. Computer Science ની સાથે એક પાઇલટ તરીકે હવાઈ ઉડ્ડયનની ડિગ્રી પ્રાપ્ત કરેલી. તેઓ અભ્યાસમાં ખૂબ તેજસ્વી અને પુરુષાર્થી હતા. તેઓએ મુંબઈમાં સત્સંગ પ્રવૃત્તિની સેવા સારી રીતે નિભાવી હતી. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિત્તે યોજાયેલ શૈક્ષણિક પરિસંવાદોના આયોજનમાં તેમજ મહોત્સવના નગરદર્શનની એપ્લિકેશનની રચનામાં તેઓએ મહત્ત્વની સેવાઓ બજાવી હતી. મહોત્સવની પૂર્વતૈયારી દરમ્યાન જ અચાનક હૃદયરોગનો હુમલો આવતાં તેઓ ધામમાં પધાર્યા છે. સ્વામીશ્રીના કૃપાપાત્ર એવા આ સંતની નાની ઉંમરે વિદાયથી એક ઉત્સાહી અને સેવાનિષ્ઠ સંતની ખોટ પડી છે. છેવટ સુધી સેવારત રહી સૌને રાજી કરનાર આ સંતને હાર્દિક શ્રદ્ધાંજલિ.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુર — પ્રવેશ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન સારંગપુરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય (કૉલેજ)માં ધોરણ ૧૨ (સાયન્સ, કોમર્સ, આર્ટ્સ)માં ઉત્તીર્ણ થયેલો કોઈપણ વિદ્યાર્થી પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. અહીં સંસ્કૃત માધ્યમ દ્વારા, સ્વામિનારાયણ વેદાંતમાં B.A. અને M.A.ની ડિગ્રી પ્રાપ્ત થાય છે. આ ડિગ્રીની સાથે જ વિદ્યાર્થીઓ સંસ્કૃત ટિચિંગ, કર્મકાંડ, યોગ, વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષ વગેરે વિષયોમાં ડિપ્લોમાનો કોર્સ કરીને એકસાથે અનેક પદવીઓ પ્રાપ્ત કરી શકે છે. અહીં અભ્યાસની સાથે પ્રવચનકળા અને લેખનકળાની વિશિષ્ટ તાલીમ પ્રાપ્ત થાય છે. ઉપરાંત, વિવિધ કોન્ફરન્સમાં પ્રસ્તુતિ દ્વારા પ્રેઝન્ટેશનની પણ તાલીમ આપવામાં આવે છે. અહીં વિદ્યાર્થીને નિવાસ, ભોજન તથા અભ્યાસ સંબંધી તમામ વ્યવસ્થા સંસ્થા દ્વારા વિના મૂલ્યે કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને આ અભ્યાસમાં આ જ વર્ષે (૨૦૨૩માં) જોડાવાની ઈચ્છા હોય તેઓએ તા. ૩૦-૪-૨૦૨૩ સુધીમાં અહીં આપેલી લીંક https://bit.ly/3syQXcS દ્વારા અથવા બાજુમાં દર્શાવેલા QR કોડને સ્કેન કરી પ્રાથમિક માહિતી માટેનું ગૂગલ ફૉર્મ ભરી દેવું. **વિશેષ માહિતી માટે વેબસાઈટ :** https://research.baps.org/

**સંપર્ક :** શ્રી દિવ્યેશભાઈ +૯૧ ૭૦૪૬૧ ૧૫૯૧૫, શ્રી તેજસભાઈ +૯૧ ૯૭૨૫૨ ૦૫૬૦૩

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર — પ્રવેશ/સ્ટાફ અંગે

સારંગપુર વિદ્યામંદિરમાં ધોરણ ૬ થી ૧૧ (સાયન્સ/કોમર્સ)માં પ્રવેશ (ગુજરાત બૉર્ડ-ગુજરાતી/અંગ્રેજી માધ્યમમાં) મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ઈન્ટરવ્યૂ માટે આવવું. ઈન્ટરવ્યૂમાં હાલના ધોરણની ગણિત તથા રિઝનિંગ, બેઝિક મેથ્સ તથા સત્સંગ વિષયની પરીક્ષા લેવાશે. અહીં ધો. ૬ અને ૭થી NCERTના કોર્ષ ઉપરાંત ઉચ્ચ લેવલની તૈયારી કરાવવામાં આવે છે. તથા ધોરણ ૮, ૯થી ઉચ્ચકક્ષાની JEE, NEET પરીક્ષા માટેની તૈયારીઓ કરાવવામાં આવે છે.
ઍડમિશન ફૉર્મ માટે ગૂગલ લીંક - https://forms.gle/wRARYE4csLykFYk9A અથવા બાજુના QR કોડને સ્કેન કરી ગૂગલ ફૉર્મ સબમિટ કરવું. ત્યારબાદ ફોન દ્વારા ઈન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવશે.

**ઈન્ટરવ્યૂ તારીખ :** ધો. ૬ થી ૯ માટે તા. ૨-૪-૨૦૨૩ અને ૩૦-૪-૨૦૨૩ તથા ધો. ૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા બાદ/પરિણામ બાદ તરત. **ઈન્ટરવ્યૂ સમય:** સવારે ૧૦-૦૦ કલાકે નીચેના સરનામે.

**સ્ટાફ અંગે:** સારંગપુરમાં જૂન-૨૦૨૩થી શરૂ થતા સત્ર માટે (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) પ્રાઈમરી, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ)માં સેવાભાવી સ્ટાફની જરૂરિયાત છે.

**વિષય:** ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, ઍકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, ઈકોનોમિક્સ, સામાજિક વિજ્ઞાન, કમ્પ્યૂટર, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી અને તજ્જ્ઞ શિક્ષકોએ વિષય સાથે અરજી કરવી.

**લાયકાત:** B.sc., M.sc., BE, B.Tech, Diploma, B.Pharm, M.Pharm, P.T.C., BA, MA, BBA, MBA, B.Ed./ અનુભવી

**છાત્રાલય માટે જરૂરિયાત :** ગૃહપતિ તેમજ કલાર્ક, કમ્પ્યૂટર ઑપરેટર, અકાઉન્ટ, મૅનેજર, સુપરવાઈઝર, મેન્ટેનન્સ, સ્વચ્છતા તથા અન્ય સ્ટાફ પણ પોતાના સંપૂર્ણ બાયોડેટા તથા મોબાઈલ નંબર તથા પગાર અપેક્ષા સાથે admin.svmsrg@baps.edu.in પર ઈમેલ કરવો અથવા વ્હોટ્સઅપ ૭૦૬૯૦ ૬૫૬૦૮ નંબર પર અથવા ટપાલ દ્વારા ૧૫ દિવસમાં નીચેના સરનામે અરજી કરવી. **સંપર્ક :** મો. ૯૯૯૮૯ ૯૫૫૭૭/૯૪૨૭૦ ૪૧૦૦૧

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, સારંગપુર, તા. બરવાળા, જિ. બોટાદ, પીન - ૩૮૨૪૫૦.

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, વલસાડ — પ્રવેશ અંગે

જૂન-૨૦૨૩થી શરૂ થતા નવા સત્રમાં નર્સરીથી ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ તથા વાણિજ્ય પ્રવાહ) ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ (Boys) માટે (ધોરણ ૫ થી હોસ્ટેલની સુવિધા) તથા નર્સરીથી ધોરણ ૧ થી ૯ અને ધોરણ ૧૧-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થિનીઓ (Girls) માટે પ્રવેશકાર્ય શરૂ થઈ ગયું છે. પ્રવેશફૉર્મ રૂબરૂ નીચે દર્શાવેલા સરનામેથી મેળવી લેવા વિનંતી.

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, પારડી-પારનેરા, ખોખરા ફળિયા (ધરાનગર, અબ્રામા) વલસાડ - ૩૯૬૦૦૧

મો. ૯૯૯ ૮૯૯ ૨૮૨૨/૮૨, ૭૦૬૯૦ ૬૨૮૫૫. E-mail : bapsvm@yahoo.co.in, bapsvmvalsad@gmail.com

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અટલાદરા (વડોદરા)** | **પ્રવેશ અંગે**

અટલાદરા (વડોદરા) ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ (જૂન, ૨૦૨૩)માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓએ રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવો.

- ઍડમિશન માટે આવનાર વિદ્યાર્થીઓને હાલના ધોરણ પ્રમાણેના પ્રશ્નો પુછાશે. વિદ્યાર્થીનું આધારકાર્ડ/બર્થ સર્ટિફિકેટ, હાલના પાસપોર્ટ સાઈઝના ફોટા અને આગળના વર્ષની વાર્ષિક પરિણામની નકલ સાથે લઈને આવવું.
- શાળાની વેબસાઈટ www.baps.org/svmvadodara પરથી તથા અહીં દર્શાવેલા QR કોડને સ્કેન કરીને રજિસ્ટ્રેશન ફૉર્મ ભરી શકાશે. જે ફરજિયાત છે.
- ધો. ૧૧ કોમર્સ/સાયન્સમાં (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) પ્રવેશ માટે પણ ફૉર્મ ભરી શકાશે.
- પ્લે ગ્રૂપ થી ધોરણ ૧૨ (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) (ધોરણ ૫ થી ૧૨ માટે હૉસ્ટેલ સુવિધા ઉપલબ્ધ)

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અટલાદરા-વડોદરા, પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૨.

**ફોન નંબર:** ૯૯૯૮૯૯૧૦૪૦, **Email:** infosvmvdr@baps.edu.in **Website:** www.baps.org/svmvadodara

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર (બાકરોલ) તથા છાત્રાલય (વિદ્યાનગર)** | **પ્રવેશ અંગે**

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બાકરોલ :** ધો. ૬ થી ૧૦ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), ધો. ૧૧ અને ૧૨ સાયન્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ), ધો. ૧૧ અને ૧૨ કોમર્સ (ફક્ત ગુજરાતી માધ્યમ)માં જૂન ૨૦૨૩થી શરૂ થતાં વર્ષ માટે પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. JEE/NEETનું શિક્ષણ ધો. ૮ થી ૧૨ સુધી આપવામાં આવે છે.

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (એપીસી) વિદ્યાનગર :** ધોરણ ૧૧-૧૨માં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ધો. ૧૦ના આધારે લેખિત પરીક્ષા (ગણિત, વિજ્ઞાન અને સત્સંગ પ્રશ્નોત્તરી) તથા ઈન્ટરવ્યૂના આધારે છાત્રાલયમાં પ્રવેશ મળશે. વિદ્યાર્થીઓએ પાસપોર્ટ સાઈઝનો ફોટો, આધાર કાર્ડની ઝેરોક્ષ, ધો. ૯/૧૧ના રિઝલ્ટની ઝેરોક્ષ લઈને આવવું.

**પ્રવેશ પરીક્ષા તથા ઈન્ટરવ્યૂ :** તા. ૨-૪-૨૦૨૩ને રવિવારે તથા ૯-૪-૨૦૨૩ને રવિવારે સવારે ૮-૦૦ કલાકે.

**છાત્રાલય માટે સંપર્ક :** મેહુલ પટેલ (જોઈન્ટ ઑફિસ) - ૯૯૯૮૯ ૯૦૨૩૦, **વિદ્યામંદિર માટે સંપર્ક :** ધો. ૬ થી ૧૦ (અંગ્રેજી માધ્યમ) માટે - ગુલશનભાઈ - ૯૦૯૯૬ ૬૧૪૯૮, ધો. ૬ થી ૧૦ (ગુજરાતી માધ્યમ) અને ધો. ૧૧-૧૨ કોમર્સ માટે - હીરેનભાઈ - ૯૮૭૯૯ ૬૭૫૧૨, ધો. ૧૧-૧૨ સાયન્સ (ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ) માટે - મૂકેશભાઈ - ૯૯૦૯૩ ૯૭૨૮૧

**સ્થળ :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય (APC), પ્રમુખસ્વામી સર્કલ, ભાઈકાકા માર્ગ, વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦. મો. ૯૯૯૮૯ ૯૦૨૦૦

**નોંધ :** છાત્રાલયમાં ફક્ત ધો. ૧૧-૧૨ના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર (બાકરોલ)ના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે. છાત્રાલયના ઍડમિશન માટે સૌપ્રથમ ઓનલાઈન લીંક દ્વારા ફૉર્મ ભરવાનું રહેશે, જે ઓનલાઈન લીંક ૯૯૯૮૯ ૯૦૨૩૦ નંબર પર ફોન કોલ દ્વારા અથવા વ્હોટ્સઅપ દ્વારા મેળવવાની રહેશે.

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, જૂનાગઢ** | **પ્રવેશ અંગે**

પ્રથમ વર્ષથી જ સૌરાષ્ટ્રમાં વિખ્યાત થયેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢમાં જૂન-૨૦૨૩થી ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૭ થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨ સાયન્સ/કોમર્સ (ગુજરાત બોર્ડ)માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલ QR કોડને સ્કેન કરી અથવા ગૂગલ લિંક – https://forms.gle/kYwypCKz6u45TYJw6 દ્વારા ગૂગલ ફૉર્મ ભરી સબમિટ કરવાનું રહેશે. પ્રવેશ પરીક્ષા માટે આપને ફોન દ્વારા બોલાવવામાં આવશે. પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન તથા સત્સંગલક્ષી પ્રશ્નો પુછાશે. આગળના વર્ષની વાર્ષિક પરિણામની માર્કશીટની એક નકલ સાથે લાવવી.

**બિન શૈક્ષણિક સ્ટાફ અંગે :** છાત્રાલયમાં ગૃહપતિ તરીકે સેવા આપવા ઈચ્છતા ઉમેદવારોએ છાત્રાલયના સરનામા અથવા ઈ-મેઈલ : info.svmjunagadh@baps.edu.in પર ફોટા અને શૈક્ષણિક લાયકાત સહિત સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી.

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અક્ષરવાડી, પ્રમુખસ્વામી માર્ગ, જૂનાગઢ - ૩૯૫૦૧૦.

**સંપર્ક :** મો. ૯૯૯૮૯૯ ૩૨૨૬/૩૨૨૭

# ચાલો વસાવીએ

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ પર્વે પ્રકાશિત થયેલાં પ્રેરક પ્રકાશનો...


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવમાં અનેકવિધ ગુજરાતી, અંગ્રેજી ભાષા તેમજ અન્ય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની હારમાળા પ્રકાશિત થઈ હતી. વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજનાં જીવન, કાર્ય અને સંદેશની અમૃતધારા દ્વારા ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિની ચાવી દર્શાવતાં આ પ્રકાશનો કોઈપણ મુમુક્ષુ માટે પથદર્શક બની રહેશે. સ્વામિનારાયણ અક્ષરપીઠના વિક્રય કેન્દ્રની મુલાકાત લઈને આજે જ નૂતન પ્રકાશનોનો આ ખજાનો વસાવીએ...




- આદર્શજીવન સ્વામી


**સત્સંગસુધા**
**પૂર્વાર્ધ / ઉત્તરાર્ધ**

**સત્સંગદીક્ષા ગ્રંથને નિરૂપતું અદ્‌ભુત પ્રકાશન**



**'સદ્‌ગુણ સાગર પ્રમુખસ્વામી મહારાજ'**


**ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના અનેક દિવ્ય સદ્‌ગુણો, પ્રદાનો અને સંદેશની પ્રેરણા આપતી નાજુક બહુરંગી ૧૩ પુસ્તિકાઓની સુંદર શ્રેણી...**




- યોગી ત્રિવેદી

**In Love, At Ease**

**વિશ્વપ્રસિદ્ધ પેંગ્વિન સંસ્થા દ્વારા અદ્‌ભુત પ્રકાશન**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**આદર્શ સંત પ્રમુખસ્વામી મહારાજ**


**પ્રમુખસ્વામી મહારાજનું પ્રેરક જીવન બાળભોગ્ય શૈલીમાં**




- કેતન મિસ્ત્રી

**જેવા જોયા-જાણ્યા**

**એક નવી નજરે પ્રમુખસ્વામી મહારાજની ગાથા**




- બી.એ.પી.એસ.

**પ્રમુખસ્વામી મહારાજ - નગર દર્શન**

**પ્રમુખસ્વામી મહારાજ નગરની છબિસ્મૃતિઓ**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**શિશુ સત્સંગ વિહાર**


**શિશુઓમાં સંસ્કારનો સૂર્યોદય જગાવતું પુસ્તક**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**બાળનગરીની વાર્તાઓ**

**બાળનગરીમાં કહેવાયેલી બાળવાર્તાઓનો ખજાનો**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**થઈએ શાંતિ જેવા**

**પ્રમુખસ્વામી મહારાજનાં પ્રેરક ચરિત્રો**




- મહંત સ્વામી મહારાજ

**To My Little Friend**

**મહંત સ્વામી મહારાજે બાળકોને લખેલો પત્રબોધ**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**વારતા રે વારતા**


**બાળકોને આનંદ વિહાર કરાવતો વાર્તાઓનો સંગ્રહ**




- બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ

**ચાલો બનીએ આદર્શ**

**બાળકોને સંસ્કારની પ્રેરણા આપતું સુંદર પ્રકાશન**




- બી.એ.પી.એસ.

**પ્રમુખ જ્યોતિ ઉદ્યાન**

**પ્રમુખ જ્યોતિ ઉદ્યાનની વિશેષતાઓ છબિઓ સાથે**



**પ્રાપ્તિસ્થાન : સ્વામિનારાયણ અક્ષરપીઠનાં તમામ વિક્રય કેન્દ્રો**

Swaminarayan Prakash Gujarati, April-2023, Published on 1-4-2023. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2021-2023, Valid upto 31-12-2023, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2021-2023, Valid upto 31-12-2023.



**‘અમારે બધાને રંગવા છે...’ કહેતાં મહંત સ્વામી મહારાજે સારંગપુરમાં સૌ પર વરસાવી રંગવર્ષા...**

વાત્સલ્યપૂર્વક ‘બધાને રંગવા છે...’ ઉચ્ચારતાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તીર્થધામ સારંગપુર ખાતે તા. ૭-૩-૨૦૨૩ના રોજ ઊજવાયેલા પુષ્પદોલોત્સવમાં ઠાકોરજીના પ્રાસાદિક રંગે હજારોની ભક્તમેદની પર રંગવર્ષા કરીને દિવ્ય આનંદમાં રંગભીની કરી...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas